
ॐ શ્રી સચ્ચિદાનંદ પરમાત્મને નમઃ

# શ્રી સદ્‌ગુરૂ મહિમા

## યશોગાથા-વિકાસ યાત્રા



પ્રગટ પ્રભુ પરમાત્મા સ્વામી શ્રી માધવાનંદજી મહારાજ

-: પ્રેરક :-

પ. પૂજ્ય માધવપિઠાધીપતિ સ્વામી
શ્રી જગદીશાનંદ સાગર મહારાજ, વેદાંતાચાર્ય

-: પ્રકાશકઃ-

શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ, કતારગામરોડ, સુરત-૪.
ફોન નં. (૦૨૬૧) ૪૮૪૬૧૦
સંવત ૨૦૫૭ માગસર વદ ૭ ને રવિવાર તા. ૧૭-૧૨-૨૦૦૦

www.OmShreeMadhavanandji.org

## જેઓશ્રીના પવિત્ર નામથી જોડાયેલા એવા ત્રિકાળદર્શી સંકલ્પમૂર્તિ સ્વામીજીશ્રી માધવાનંદજી મહારાજશ્રીની આધ્યાત્મિક ગુરૂ-શિષ્ય પરંપરાનો ઈતિહાસ

**પ. પૂ. માધવાનંદજી મહારાજ**

- પૂ. આનંદ ગિરિજી મહારાજ (શાસ્ત્રી સ્વામી)
- પ. પૂ. શિવાનંદજી મહારાજ
  - પૂ. આત્માનંદજી મહારાજ
  - પ. પૂ. ચિદાનંદજી મહારાજ
    - પ. પૂ. શિવોહંસાગરજી મહારાજ
      - પ. પૂ. સ્વામીજીશ્રી ચિદ્દઘનાનંદગિરિજી મહારાજ
      - પ. પૂ. મહામંડલેશ્વર સ્વામીશ્રી અખંડાનંદ સાગર મહારાજશ્રી
        - પ. પૂ. પ્રકાશાનંદ સાગર મહારાજ - વેદાન્તાચાર્ય
          - માધવપિઠાધીપતિ પ. પૂ. શ્રી ૧૦૦૮ અનંત શ્રી વિભૂષિત સ્વામીશ્રી જગદીશાનંદ સાગર મહારાજ - વેદાન્તાચાર્ય
          - પૂ.બ્ર. હરીશાનંદજી મહારાજ - ભાગવતાચાર્ય
          - પૂ. વિવેકાનંદ સાગર મહારાજ - વેદાન્તાચાર્ય
          - પૂ. ભૂમાનંદ સાગર મહારાજ - વેદાન્તાચાર્ય
          - પૂ.બ્ર. મોહનાનંદજી મહારાજ - વેદાન્તાચાર્ય
          - પૂ. બ્રહ્માનંદ સાગર મહારાજ - વેદાન્તાચાર્ય
        - પૂ.બ્ર. સુરેશ્વરાનંદજી મહારાજ - શાસ્ત્રી
          - પૂ.બ્ર. હરિહરાનંદજી મહારાજ - વેદાન્તાચાર્ય
          - પૂ. ગણેશાનંદ સાગર મહારાજ
          - પૂ.દયાનંદ સાગર મહારાજ
          - પૂ. દેવાનંદ સાગર મહારાજ
          - પૂ.બ્ર. શ્રી જયાનન્દજી મહારાજ
      - બલદેવાનંદ
      - બ્ર. કૃષ્ણાનંદજી મહારાજ સર્વદર્શનાચાર્ય
  - પૂ. નાગેશ્વરાનંદજી મહારાજ

**સંકલન કર્તા : શ્રી કાળુભાઈ એ. કોશીયા**

www.OmShreeMadhavanandji.org

# SAUJANYA

E-Book Conversion Suggested & Managed by

Shree Babubhai Vallabhbhai Mangukiya - Gariyadhar

Technical Support by

Prashant Babubhai Mangukiya
Kalpesh Babubhai Mangukiya

General Support & Help by

Shree Akhandanand Sagar Yuvak Mandal, Surat

Book's Printed Copy Provided by

Shree Madhavanand Ashram
Shree Sachchidanand Sevak Mandal Trust, Surat

**Price:** Precious, Inestimable

**FREE Download from**

**www.OmShreeMadhavanandji.org**







**Disclaimer:** This e-book is available for free download from official website of Shree Madhavanand Ashram (Shree Sachchidanand Sevak Mandal Trust) www.OmShreeMadhavanandji.org only. You can download this e-book for personal use and gaining knowledge about Shree Madhavanand Ashram. This e-book Can Not be used for Sell, Print or any other Commercial purpose that will generate direct or indirect income for individual or company by any means. Also content from this e-book or same Can Not be copied to use in other publications, website, blog post, articles or any other purpose. Please do not post this ebook on other website for download or do not forward it by email attachments or any other means. You can send our website url to your friends & family for download e-book from there.

# ગ્રંથ - આમુખ

અનાદિકાળથી જીવ જન્મમરણરૂપી સંસારની ૮૪ લાખ યોનીમાં ગોથા ખાતો રહે છે. આ જન્મમરણના ચક્રમાંથી છૂટવા સદ્‌ગુરૂની કૃપા વિના શક્ય નથી. તેઓશ્રી જીવ-ઈશ્વરના ઐકય જ્ઞાન દ્વારા જડ-ચેતનની ગ્રંથી છોડાવે છે. શ્રુતિમાં કહ્યું છે કે -

"ભિદ્યતે હૃદયગ્રન્થિશ્છિદ્યન્તે સર્વ સંશયાઃ
ક્ષીયન્તે ચાસ્ય કર્માણિ, તસ્મિન્દ્રષ્ટે પરાવરે"

આમ જ્ઞાન સંપાદન કરી આત્મજ્ઞાન દ્વારા અર્થાત્ આત્મા-પરમાત્માના ઐકય જ્ઞાન દ્વારા જ મોક્ષની અનુભૂતિ થાય છે. તેમજ સદ્‌ગુરૂ પોતાના શિષ્ય-સેવકને બ્રહ્મપદ પ્રદાન કરે છે. આપણી આ આદ્ય જગતગુરૂ શંકરાચાર્ય દ્વારા પ્રસ્થાપિત ગુરૂ-શિષ્ય પરંપરા પ. પૂ. સ્વામીજીના ગુરૂભકત ભાઈશ્રીઓ - સેવકશ્રીઓ તેમજ શિષ્યશ્રીઓને આધ્યાત્મિક જ્ઞાન સાથે મોક્ષની પ્રાપ્તિ થાય અને સનાતન સચ્ચિદાનંદ ધર્મ વિષે ધર્મ પ્રેમી મુમુક્ષુઓને માહિતી પ્રાપ્ત થાય તે હેતુ સબબ "ગુરૂ-શિષ્ય પરંપરાની યશોગાથા ગાતો ગ્રંથ - સચ્ચિદાનંદ સેવક મંડળ - સુરતને પ. પૂ. માધવપિઠાધીપતિ સ્વામીશ્રી જગદીશાનંદ સાગર મહારાજ વેદાન્તાચાર્ય દ્વારા પ્રેરણા મળતા પ.પૂ. સ્વામીજીશ્રી માધવાનંદજી મહારાજશ્રીનાં ૧૨૦માં નિર્વાણ-જયંતિ મહોત્સવ પ્રસંગે પ્રકાશિત કરતા ધન્યતા અનુભવે છે.

અંતમાં આ ગ્રંથમાં અધ્યાત્મ દર્શનનું જે અમુલ્ય રહસ્ય છે તેના નિમિત્તે મુમુક્ષુઓ આત્મ કલ્યાણના સહભાગી થાય તેવી ભાવના છે.

સચ્ચિદાનંદ સેવક મંડળ,
સુરત.



www.OmShreeMadhavanandji.org

॥ ૐ શ્રી સચ્ચિદાનંદાય નમઃ ॥

પ્રિય સજ્જનો,

અનાદિકાલથી આ જીવાત્મા પોતાના સ્વરૂપના અજ્ઞાનથી જન્મ-મરણરૂપ સંસાર સાગરમાં ડુબકાં ખાતો-ખાતો અપાર દુઃખો ભોગવી રહ્યો છે. આ દુઃસહ દુઃખમય સંસાર સાગરની પાર ઉતરવાને અને જીવાત્માના જન્મ-મરણ દુઃખોનો વિનાશ કરવાને અર્થે, અર્થાત્ સંસાર સાગરમાં નિજસ્વરૂપનાં અજ્ઞાનથી ઉદ્‌ભવેલા આ જગતરૂપ પ્રપંચ જાલના અનેક જન્મ-મરણાદિ અનર્થોની નિવૃત્તિ અને આત્મશ્રેયઃરૂપ સચ્ચિદાનંદ સ્વયં જયોતિઃ પરમાત્માની પ્રાપ્તિરૂપ મોક્ષ સિધ્ધિને અર્થે પ્રાચીન ઋષિમુનિઓ એ ભક્તિ-ઉપાસના જ્ઞાનાદિકના અનેક ગ્રંથો રચેલા છે. અને એમાં જ્ઞાન સર્વથી શ્રેષ્ઠ છે. શ્રીમદ્ ભગવદ્‌ગીતાની અંદર પ્રગટ બ્રહ્મસ્વરૂપ આનંદકન્દ શ્રી કૃષ્ણચંદ્ર ભગવાને કહ્યું છે કે " **न हि ज्ञानेन सदशं पवित्रमिह विद्यते** " અને અન્ય ગ્રંથોમાં કહ્યું છે કે "**ऋते ज्ञानात् न मुक्तिः** " આમ જ્ઞાન એ ઉત્તમ છે પણ જ્ઞાન સદ્‌ગુરૂ વગર પ્રાપ્ત થઈ શકતુ નથી. એટલા માટે જ્ઞાન પ્રાપ્ત કરવાને માટે સદ્‌ગુરૂને શરણે જવું જોઈએ.

અનાદિકાળથી જ્ઞાન માટે ગુરૂ પરંપરા ચાલી આવે છે. તો આ જે ગુરૂ પરંપરાની પ્રણાલી છે. એ સાધકોને માટે મુમુક્ષુઓને માટે ઉત્તમ છે. આ પુસ્તકમાં પણ સદ્‌ગુરૂની પરંપરાનું જ્ઞાન કરાવવાને માટે શ્રી કાળુભાઈ કોશીયાએ જે પ્રયત્ન કરીને સેવા કરી છે. એ પણ પ્રસંશનીય છે. એટલા માટે ભક્ત સેવક સમુદાયને ગુરૂ પરંપરાનું જ્ઞાન થઈ શકે. એટલે મહાપુરૂષોએ પણ કહ્યું છે કે "**वन्दे गुरुं परंपराम्**"

આ પુસ્તીકાનું સેવાનું કામ "શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ - સુરત" વાળાઓએ જે કર્યું છે. કે જે પરમ પૂજય પ્રગટ બ્રહ્મસ્વરૂપ શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ પરમહંસ પરિવ્રાજકાચાર્ય પ્રાતઃ સ્મરણીય શ્રી ૧૦૦૮ સ્વામીશ્રી માધવાનંદજી મહારાજશ્રીનો ૧૨૦ નિર્વાણ જયન્તિ મહોત્સવ નિમિત્તે તન-મન-ધનથી પ્રકાશીત કરવાની સેવા કરીને અલભ્ય લાભ લઈને પુણ્યના ભાગ્યશાળી થયા છે. પરમ કૃપાળુ સદ્‌ગુરૂ પરમાત્મા સર્વને સર્વ પ્રકારે સુખી કરે એ જ સદ્‌ગુરૂ ચરણોમાં "જય સચ્ચિદાનન્દ".

"સર્વત્ર સુખિનઃ સન્તું સર્વે સન્તુ નિરામયાઃ
સર્વે ભદ્રાણિ પશ્યન્તુ મા કશ્ચિત્ દુઃખમાપ્નુયાત્ "

**સદ્‌ગુરૂ ચરણાનુચર**
**સ્વામી જગદીશાનંદ સાગર**



www.OmShreeMadhavanandji.org

## :: આભાર - પ્રસ્તાવિકા ::

પ. પૂ. પ્રાતઃ સ્મરણીય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ સ્વામીજીશ્રી જગદીશાનંદ સાગર મહારાજશ્રી દ્વારા પ્રેરણા મળતાં શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ - સુરત દ્વારા "શ્રી સદ્‌ગુરૂ મહિમા અને વિકાસયાત્રા" નામના ગ્રંથની રચના કરી પ્રકાશિત કરવાનું આયોજન કર્યું. આ પ્રેરકબળથી અમારી આત્મશક્તિને બળ મળ્યું. તેથી તેઓશ્રીના ચરણોમાં કોટિ કોટિ સાક્ષાત્ દંડવત પ્રણામ સાથે આભાર પ્રદર્શિત કરૂં છું.

આ ગુરૂ-શિષ્ય પરંપરાની યશો-ગાથા ગાતો "શ્રી સદ્‌ગુરૂ મહિમા અને વિકાસયાત્રા" નામનો ગ્રંથ લખી તૈયાર કરવાની જવાબદારી જેમના શિરે મુકેલ એવા શ્રી કાળુભાઈ એ. કોશિયા એ પણ તન-મન-ધન, જ્ઞાન શક્તિ - અનુભવ તેમજ પ. પૂ. સ્વામીજીશ્રીની અસીમ કૃપા અને અનન્ય ભાવ થકી ટુંક સમયમાં જ તમામ પાસાઓનું સંકલન કરી તૈયાર કરવા બદલ પણ તેમનો આભાર માનવો જ રહ્યો.

આ કામમાં નીચેના સેવકભાઈઓએ પણ અમોને પ્રોત્સાહિત કર્યા તેમજ જુદા-જુદા આશ્રમોના ફોટા-સમાધિના ફોટા તથા જરૂરી તમામ માહિતી અને સગવડો પુરી પાડવા બદલ આભાર.

૧ શ્રી મોહનભાઈ રામજીભાઈ મુંજાણી - સુરત.
૨ શ્રી મનજીભાઈ ઠાકરશીભાઈ લાખાણી - સુરત.
૩ શ્રી વિનુભાઈ જીવરાજભાઈ ભરોડીયા - સુરત.
૪ શ્રી આર. કે. પટેલ - સુરત.
૫ શ્રી રાવજીભાઈ પટેલ (ઓજરાળાવાળા) - વડોદરા
૬ શ્રી કાન્તિભાઈ વિઠ્ઠલભાઈ પટેલ - ઓજરાળા
૭ શ્રી ગોરધનભાઈ પટેલ - લીંબાસી
૮ શ્રી ઓધવજીભાઈ રામજીભાઈ મોણપરા - ભાવનગર
૯ શ્રી વિઠ્ઠલભાઈ પટેલ (જીવ) વૈયાવાળા - ભાવનગર
૧૦ શ્રી કિશોરભાઈ ભૂરાભાઈ કોશિયા - અમદાવાદ
૧૧ શ્રી અરવિંદભાઈ સી. પટેલ કંથારીયાવાળા - આણંદ
૧૨ શ્રી રણછોડભાઈ સી. પટેલ સાચપરા - સુરત.
૧૩ શ્રી જીવરાજભાઈ પટેલ (જે.કે.) અખંડદિપ સ્ટુડીયો - સુરત
૧૪ શ્રી દિલીપસિંહ પ્રતાપસિંહ સોલંકી - આકરૂં
૧૫ શ્રી મનજીભાઈ ગોપાળભાઈ મોણપરા - ભાવનગર

આ ગ્રંથના લખાણમાં સુધારા-વધારા તથા માર્ગદર્શન અને માહિતી પુરી પાડવા બદલ ગુરૂ-શિષ્ય પરંપરાના નિચેના સંતવૃંદોના ચરણોમાં કોટિ કોટિ નમસ્કાર.

(૧) પ.પૂ. ભૂમાનંદસાગર મહારાજશ્રી (૨) પૂ. બ્ર. સુરેશ્વરાનંદજી મહારાજ
(૩) પૂ. બ્ર. હરિહરાનંદજી મહારાજ.

અંતમાં "શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ" તરફથી આ ગ્રંથની આભાર પ્રસ્તાવિકા રજુ કરવાનો મને જે લાભ મળ્યો તે બદલ સુરતમાં વસતા તમામ સદ્‌ગુરૂ સેવક-ભાઈબહેનોનો અંતઃકરણ પૂર્વક આભાર માનવા સાથે આપ સૌને જયશ્રી સચ્ચિદાનંદ.

આપનો ચરણોપાસક સેવક
રવજીભાઈ પ્રેમજીભાઈ મોણપરા
સુરત

# " ગુરૂ શિષ્ય પરંપરા "

ભારતીય સંસ્કૃતિમાં ગુરૂ-શિષ્ય પરંપરા આદિઅનાદિકાળથી ચાલી આવી છે. સાચા ગુરૂ પોતાના શિષ્યને આત્મખોજ તરફ વાળે છે. ભૂતકાળમાં ઘણા ગુરૂઓએ પોતાના શિષ્યોને આત્મ-ઉન્નતિ સુધી દોરી તેઓને પરમ તત્ત્વ સુધી પહોંચાડયા છે. આ ગુરૂ-શિષ્ય પરંપરામાં પ્રાચીનકાળના ઉદાહરણો નોંધી એ તો...

સતયુગમાં રામચંદ્રજીએ વિનયપૂર્વક પોતાના ગુરૂ તરીકે વશિષ્ઠજીને માન્યાં હતા. તે પ્રમાણે શુકદેવજીએ જનકરાજાને પોતાના ગુરૂ તરીકે પસંદ કર્યા હતા. પરીક્ષિત રાજાએ શુકદેવજીને ગુરૂ બનાવી તેમની પાસેથી ભાગવત કથા સાંભળી મોક્ષ પામ્યા. વ્યાસ મુનિએ નારદજી ને ગુરૂ માન્યા અને અર્જુને શ્રીકૃષ્ણને ગુરૂ માની મહાભારતના યુધ્ધમાં મેદાને પડે છે. આદ્ય જગદગુરૂ શંકરાચાર્યે પણ ગોવિંદપાદાચાર્યને ગુરૂ કરી તેમની પાસેથી જ્ઞાન મેળવી મોક્ષ પદને પ્રાપ્ત થયા. શાસ્ત્રમાં પણ કહ્યું છે. -

"નારાયણં પદ્મભવં વશિષ્ઠં, શક્તિં ચ તત્પુત્ર પરાશરં ચ,
વ્યાસં શુકં ગૌડપદં મહાન્તં, ગોવિંન્દ યોગીન્દ્ર મથાસ્ય શિષ્યં,
શ્રી શંકરાચાર્ય મથાસ્યપદ્મપાદં ચ હસ્તામલકં ચ શિષ્યં,
તં તોટકં વાર્તિક્કારમન્યન્, અસ્મદ્ ગુરૂન્સંતતમાનતોઙસ્મિ.

તેમજ બ્રહ્મલિન સદ્ગુરૂ મહારાજે પણ સ્વરચિત ભજનમાં કહ્યું છે કે -

સાચુ રે શરણું સદ્ગુરૂ દેવનું રે
બીજું બધું કાચુ છે કામ રે..... જીવલડા સાચું
ગુરૂ સેવાથી સમરથ થયા રે,
બ્રહ્મા વિષ્ણું ને મહેશ રે..... જીવલડા સાચું
રામ શ્યામને સનકા દિક રે,
ગુરૂસેવી ઉતર્યા ભવપાર રે..... જીવલડા સાચું
જનક નાનક શુકદેવજી રે,
ગુરૂ સેવી તરીયા સંસાર રે..... જીવલડા સાચું
જેણે જેણે ગુરૂ ચરણ સેવીયા રે,
તેઓ તેઓ પામ્યા અખંડાનંદ રે..... જીલલડા સાચું

વર્તમાન સમયમાં પણ વૈદિક સનાતન ધર્મની પરંપરાના માર્ગમાં આવી ગુરૂ-શિષ્ય પરંપરા જળવાઈ રહી છે. આપણાં ભારતીય ધર્મ અને સંસ્કૃતિમાં ગુરૂ-શિષ્ય પરંપરા એક અનિવાર્ય ઘટક છે. આપણાં શાસ્ત્રોમાં પણ કહ્યુ છે કે

"ગુરૂ ગોવિંદ દોનો ખડે કીસકો લાગુ પાય,
બલિહારી ગુરૂદેવ કી જીસને ગોવિંદ દિયો દિખાઈ."



www.OmShreeMadhavanandji.org

આમ પરમાત્મા કરતાં પણ ગુરૂનો મહિમા-દરજજો-પદ ઉંચુ છે. ગુરૂ મહિમામાં પણ સ્વામી પ્રિતમદાસના ભજન માં કહ્યું છે કે -

> "ગુરૂ ગોવિંદ થકી છે અધિક, જેની પરમારથ કારણ શીખ,
> ગોવિંદના સરજયા પડયા જીવજાળ, ગુરૂ તેની મુક્તિ કરે તત્કાળ."

આમ ગુરૂ પોતાના શિષ્ય-સેવકને આત્મદર્શન (આત્મખોજ) દ્વારા આજના વિલાસી વાતાવરણમાં ગુમરાહ થનાર માનવીને સત્કર્મ અને કર્તવ્યની કેડી ઉપર ધર્મ પરાયણ રાખી પરમાત્માનાં દર્શન કરાવી જન્મમરણના ફેરામાંથી છોડાવીને અજર અમર પદના ભાગીદાર બનાવે છે. આમ આધ્યાત્મિક ક્ષેત્રે ગુરૂનું સ્થાન સર્વશ્રેષ્ઠ અને સર્વોપરિ છે. ગુરૂના જ્ઞાન વગર આધ્યાત્મિક (આત્માનું કલ્યાણ) વિકાસ શકય નથી. આવા ગુરૂ-શિષ્ય પરંપરાના વૈદિક સનાતન સચ્ચિદાનંદ ધર્મના આપણે સેવકો છીએ.

આ વૈદિક સનાતન સચ્ચિદાનંદ ધર્મ આજથી બારસો (૧૨૦૦) વર્ષ પહેલાં આપણો પવિત્ર ધર્મગ્રંથ વેદનો બહિષ્કાર કરનારા વિધર્મીઓ દ્વારા ભારતની ભવ્ય અને વૈદિક સુસંસ્કૃતિનો સતત અનાદર તથા ઉપહાસ કરીને અર્થાત્ અખંડતા અને અમરતાને ખંડિત પરિછિન્ન મૃત:પાય કરવા સંસ્કૃતિની અસ્મિતા ઉપર કુઠારાઘાત થઈ રહ્યો હતો ત્યારે વિનષ્ટ થતી વૈદિક સંસ્કૃતિની ધરોહરના સંરક્ષણાર્થે અનન્ત કરૂણા નિધાન પરબ્રહ્મ પરમાત્મા ભગવાન સદાશિવ શંકર અદ્વૈત મત સંસ્થાપક ભાષ્કર જગત્ગુરૂ ભગવાન શ્રી શંકરાચાર્ય મહારાજ સ્વરૂપે આ ધરાતલ ઉપર અવતરીત થયા. બત્રીસ (૩૨) વર્ષે સદેહે આ ધરાતલને વેદાન્તના અદ્વૈત મતથી સુશોભિત કરી અન્તરધ્યાન થયા. સમયાન્તરે ધીરે ધીરે આ સંસ્કૃતિ પર ચારો દિશાઓથી ધર્મને નામે અનાચાર, વ્યભિચાર, વિષય, વહેમો, અંધશ્રધ્ધાઓ, ચોરી-જુગાર આદિ સામાજિક દૂષણોએ સામ્રાજય જમાવ્યું.


વાસ્તવમાં કહ્યું છે કે " સંસ્કૃતિની વિકૃતિ સમાજને વિકાસને બદલે વિનાશને પંથે લઈ જાય છે." અર્થાત્ પ્રજા માયકાંગલી, શોર્ય-ધૈર્યહિન, વર્ણશંકર દોષવાળી થવાથી સમાજનો વિનાશ થાય છે. આવા કપરા અને વિકરાળ સમયમાં પરમકૃપાળુ અનંત કોટિ બ્રહ્માંડ નાયકે સંસ્કૃતિના આ સડાને ઉખાડી ફેકવા અને વૈદિક અદ્વૈત જ્ઞાન દ્વારા જન સમાજને અજ્ઞાનરૂપી ઘોર અંધકારમાં અથડાતા જીવોનાં કલ્યાણાર્થે તથા સનાતન વૈદિક ધર્મને ફરી સુચારૂ રૂપથી સંસ્થાપિત કરવા અહેતુકિ કરૂણા નિધાન બ્રહ્મ સ્વરૂપ સ્વામીશ્રી માધવાનંદજી મહારાજ સ્વરૂપે આવિર્ભાવ થયો.



www.OmShreeMadhavanandji.org



પ્રગટ પ્રભુ પરમાત્મા સ્વામીજીશ્રી માધવાનંદજી મહારાજની સમાધિ



આકરૂમાં નવો બંધાવેલ "શ્રી માધવાનંદ આશ્રમ"



www.OmShreeMadhavanandji.org

પ.પૂજ્ય સ્વામીશ્રી માધવાનંદજી મહારાજ એટલે એક અલૌકિક ‘‘યુગ પુરૂષ’’ અટલ-વિરલ, વિશ્વમૂર્તિ, ‘‘વસુદેવ કુટુમ્બકમ્’’ તથા ‘‘સર્વત્રઃ સુખીનઃ સન્તુઃ’’ ની ઉદાર ભાવનાના ધની મહાપુરૂષ.

સ્વામીશ્રી માધવાનંદજી મહારાજશ્રી વિશ્વને માટે એક આદર્શરૂપ હતાં. એ આદર્શ હતો ‘‘ત્યાગ અને સંયમ’’ તેઓશ્રી કનક-કાન્તાના અદ્વિતીય મહા ત્યાગી હતાં. તેઓશ્રી અહિંસા, તીતિક્ષા, શમ, દમાદી દૈવી ગુણોના ભંડાર, સંપ્રદાયોથી મુક્ત, જીવન-મુક્ત મહાપુરૂષ હતા. આવા ત્યાગી મહાપુરૂષો લાખોમાં કોઈક જ જોવા મળે છે. તેઓશ્રીએ છિન્ન ભિન્ન થયેલી વૈદિક સંસ્કૃતિને સંગઠીત કરી અદ્વૈત વૈદિકમંત્રનો વિજયધ્વજ ફરકાવ્યો હતો. જે આજ પર્યન્ત હિમાલય જેવા ઉત્તુંગ શિખરની જેમ યશોગાથા ગાઈ રહ્યો છે અને સૌને ‘‘સચ્ચિદાનંદ’’ નો મહામંત્ર આપ્યો.

તેઓશ્રી ગામડે-ગામડે, નગરે-નગરે, અજ્ઞાનરૂપી અંધારામાં અથડાતાં જીવોનાં કલ્યાણાર્થે, વ્યસનો-વહેમો, અંધશ્રધ્ધા, કુરિવાજોથી મુક્ત કરીને સરળ જીવન જીવવાનો ઉપદેશ આપ્યો. ‘‘સાદુ જીવન ઉચ્ચ વિચાર’’ જ તેમનો જીવનમંત્ર હતો. અનંત કોટિ ભકતો - સેવકો - શિષ્યોના લાડીલા રાષ્ટ્ર સંત એવા બ્રહ્મ સ્વરૂપ સ્વામીશ્રી માધવાનંદજી મહારાજશ્રી સવંત ૧૯૩૭ના માગશર વદી ૭ (સાતમ) ને ગુરૂવાર ના પવિત્ર દિવસે આકરૂ ગામના આશ્રમમાં પંચ ભૌતિક લીલા કલેવર તજીને બ્રહ્મપદને પામ્યા હતાં.

આજે પણ આકરૂં ગામમાં મહારાજશ્રીની સમાધિની પવિત્ર જગ્યા છે. વડવાઓ કહેતા હતા કે સમાધિ ઉપર એક જાળ (ઝાડનું નામ છે.) હતી. આ જાળમાંથી રોજ સવારે સાકર ઝરતી હતી. આખો સમાધિનો ઓટો સાકરથી છવાઈ જતો. આ સાકરનો પ્રસાદ સર્વે સેવકો આરોગી ધન્યતા માણતા. આ સમાધિ સ્થળ પર મહારાજશ્રીની હયાતિમાં બંધાયેલ ધર્મશાળા ત્રણ મજલાની આજે પણ મૌજુદ છે.

## પ. પૂ. સ્વામી આનંદગિરિજી (શાસ્ત્રી સ્વામી) મહારાજ

પૂ. સ્વામીશ્રી નડીયાદના બ્રાહ્મણ પૂર્વાશ્રમમાં હતાં. શ્રી શાસ્ત્રી સ્વામીજીએ મુમુક્ષુ જીવોનાં ઉધ્ધારને અર્થે ગુરૂભક્તિનાં વિષયમાં ઉપયોગી શ્લોકોનો સંગ્રહ કરી ‘‘શ્રી ગુરૂગીતા’’ ની સંસ્કૃત ભાષામાં રચના કરી, ભકતજનોને નિત્ય શ્રી ગુરૂગીતાનો પાઠ કરવાની આજ્ઞા કરેલી. આ ગીતાનો મૂળપાઠ સંસ્કૃતમાં હતો અને હાથથી લખાયેલી હતી. શ્રી સદ્‌ગુરૂ પ્રાતઃ સ્મરણસ્ત્રોત અને શ્રી ગુરૂપંચકસ્ત્રોતનાં કર્તા હતાં. તેઓશ્રીએ મણીરત્ન માળા અને આત્મપુરાણ ઉપર અપૂર્વ ‘‘ભાવ વિસ્તરા’’ નામની વિસ્તૃત ટીકા લખેલી છે. વૈદિક સનાતનનો પ્રચાર કરતા પૂ. માધવાનંદજી મહારાજની ઉપસ્થિતિમાં જ નિર્વાણ પદને પામ્યાં હતાં. તેઓશ્રીની સમાધિ ઉચડી તાલુકો-ધંધુકા, જીલ્લો-અમદાવાદમાં આવેલ છે.



"શ્રી માધવાનંદ આશ્રમ" કોટ ફળીયું, ગામ-ભાદરણ, તા. બોરસદ, જી. આણંદ



પ. પૂ. સ્વામી શિવાનંદજી મહારાજશ્રીની સમાધિ
ગામ-ભાદરણ, તા. બોરસદ, જી. આણંદ

## પ. પૂ. સ્વામી શિવાનંદજી મહારાજ

પૂ. શિવાનંદજી મહારાજ પૂર્વાશ્રમમાં નારના પાટીદાર હતાં. ત્રણ ખડકીમાં રહેતાં હતા. તેઓશ્રીએ ગુરૂ-શિષ્ય પરંપરા વર્ષો સુધી ચલાવી અને વૈદિક સનાતન ધર્મનો પ્રચાર કર્યો. તેઓશ્રીના ત્રણ શિષ્યો હતાં. (૧) પૂ. આત્માનંદજી મહારાજ (૨) પૂ. ચિદાનંદજી મહારાજ (૩) પૂ. નાગેશ્વરાનંદજી મહારાજ.

આ ત્રણ શિષ્યોમાંથી પ્રખર વિદ્વાન પ.પૂ. સ્વામીશ્રી ચિદાનંદજી મહારાજશ્રીને માધવપિઠાધીપતિ નીમીને સમયાન્તરે ગામ ભાદરણ તા. બોરસદ, જી. આણંદ માં મોક્ષ ગતિને પામેલ. આજે પણ ગામ ભાદરણમાં પ. પૂ. સ્વામીશ્રી શિવાનંદજી મહારાજની સમાધિ આવેલ છે.

## પ. પૂ. સ્વામીશ્રી નાગેશ્વરાનંદજી મહારાજ

પ.પૂ. શિવાનંદજી સ્વામીના ત્રીજા શિષ્ય શ્રી નાગેશ્વરાનંદજી. તેઓશ્રીનું મુળ ગામ સોજીત્રા, મોસાળ-ભાદરણ, પૂર્વાશ્રમમાં પાટીદાર હતાં. ભક્તિશીલ, માયાળુ, પ્રેમાળ તથા લાગણીશીલ સ્વભાવનાં હતાં. નાનપણથી ગુરૂ ભક્તિ, ગુરૂગીતાનું આચરણ, શિક્ષાપત્રીને આચાર સંહિતમાં રાખી ધર્મ પ્રચારને અર્થે લોકોને ભક્તિને માર્ગે વાળવાને સારૂં ગામડે ગામડે વિચરણ કરી છેવટે ૧૦૧ (એક સો એક) વર્ષ પહેલા ભુવાલડી (ઉતરગુજરાત) ગામે સ્થિર થયાં. સવારે બ્રહ્મ મુહુર્તે ઉઠી ખારી નદીને કિનારે નિત્યક્રમ પુજાપાઠથી પરવારી, યોગ દ્વારા જીવને બ્રહ્માંડમાં પહોંચાડી સમાધિ લીધી. આ રીતે પોતાનું જીવન ધન્ય કરી લીધું.



પ. પૂ. સ્વામીશ્રી નાગેશ્વરાનંદજી મહારાજશ્રીની સમાધિ
ગામ : ભુવાલડી, તા. દશક્રોઈ, જી. અમદાવાદ (ઉ.ગુ)



www.OmShreeMadhavanandji.org



શ્રી માધવાનંદ આશ્રમ
ગામ : લીંબાસી, તા. માતર, જી. ખેડા



પ. પૂ. સ્વામીશ્રી આત્માનંદજી મહારાજશ્રીની સમાધિ
ગામ : લીંબાસી, તા. માતર, જી. ખેડા




www.OmShreeMadhavanandji.org

## પ. પૂ. સ્વામીશ્રી આત્માનંદજી મહારાજ

પ. પૂ. સ્વામીશ્રી આત્માનંદજી મહારાજ પણ પ.પૂ. (જેતે સમયે) માધવપિઠાધીપતિ સ્વામીશ્રી શિવાનંદજી ના શિષ્યો પૈકીના એક હતાં. તેઓશ્રી પૂર્વાશ્રમમાં નાર ગામનાં પાટીદાર પટેલ હતાં. નાર ગામ ખેડા જીલ્લામાં તારાપુર ચોકડીથી ૪ કિલોમિટરના અંતરે સોજીત્રા નજીક આવેલ છે. તેઓશ્રીએ પણ પ. પૂજ્ય ચિદાનંદજી મહારાજશ્રીની છત્રછાયાંમાં રહી વૈદિક સનાતન ધર્મ પ્રચાર યાત્રા દ્વારા અનેક જીવોનો સત્સંગ કરાવી ઉધ્ધાર કરેલ. તેઓશ્રી સવંત ૧૯૯૩ના પોષ વદી ૧૦ ના દિને મોક્ષ ગતિને પામતાં માતર તાલુકાના લીંબાસી ગામના શ્રી માધવાનંદ આશ્રમમાં તેઓશ્રીને સમાધિ આપી હતી. આ સમાધિ દ્વારા આજે પ.પૂ. સ્વામીશ્રી આત્માનંદજીના નિરાકાર રૂપે દર્શન કરી સેવકગણ ધન્યતા પામે છે.


લીંબાસી ગામના ગુરૂ ભક્તો દ્વારા દર વરસે માધવાપિઠાધીપતિની અધ્યક્ષતામાં તેઓશ્રીનો નિર્વાણ જયંતિ મહોત્સવ પણ ઉજવાય છે. ગત સાલ ૬૩ મો નિર્વાણ જયંતિ મહોત્સવ લીંબાસી મુકામે ખુબ જ ઉત્સાહપૂર્વક ધર્મમય વાતાવરણમાં પ.પૂ. શ્રી ૧૦૦૮ શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ મહામંડલેશ્વર સ્વામીશ્રી અખંડાનંદ સાગર મહારાજશ્રીની અધ્યક્ષતામાં ઉજવ્યો હતો.



પ. પૂ. અનંતશ્રી વિભૂષિત ૧૦૦૮ સ્વામીજી શ્રી ચિદાનંદજી મહારાજ



www.OmShreeMadhavanandji.org



પ. પૂ. અનંતશ્રી વિભૂષિત ૧૦૦૮ સ્વામીજી શ્રી ચિદાનંદજી મહારાજશ્રીની સમાધિ નર્મદા નદીમાં
ગામ: ભરૂચ. - ''દશાશ્વમેધઘાટ'' માં જળસમાધિ તા. ૫-૨-૧૯૪૫

## પ. પૂ. સ્વામીશ્રી ચિદાનંદજી મહારાજ

પ. પૂ. શિવાનંદજી મહારાજ દ્વારા દિક્ષીત થયેલ જે તે સમયના માધવપિઠાધીપતિએ આ વૈદિક સનાતન ધર્મની જયોતને પ્રજવલિત રાખવામાં અગત્યનો ત્યાગ આપેલ. તેઓશ્રી પૂર્વાશ્રમમાં આંકલાવના બ્રાહ્મણ હતાં. તેઓશ્રીનું મુળનામ જગન્નાથ હતું. તેમના પિતાશ્રીનું નામ વૈદ્ય રામશંકરજી તથા માતૃશ્રી જમનાબાઈની પવિત્ર કુક્ષિમાંથી પ. પૂજય શ્રી ચિદાનંદ સ્વામીનો જન્મ થયો હતો. તેઓશ્રીનું કુટુંબ પહેલાથી આપણા સદ્દગુરૂવર્ય પ.પૂ. માધવાનંદજી મહારાજશ્રીના અનન્ય સેવકો હતાં. તેમના ઉપર સદ્દગુરૂવર્ય શ્રી માધવાનંદજીની પૂર્ણ કૃપા હતી.

હાલમાં ઝુસી (અલ્લાહાબાદ-પ્રયાગરાજ)માં શ્રી યોગાનંદ આશ્રમ આવેલ છે. તેમાં પૂ. સ્વામીજીએ ઘણો સમય વિતાવેલ - અનુષ્ઠાન - તપ - ધ્યાન તેમજ ચાતુર્માસ વિગેરે ત્યાં કરેલ. હાલમાં પણ ત્યાં આગળ આ આશ્રમમાં ''ચિદાનંદ ખંડ'' મૌજુદ છે.

શ્રી ગુરૂગીતાનો મુળપાઠ સંસ્કૃત લિપિમાં હતો. જેના અર્થનું યથાર્થ ભાન પણ ભક્તોને થતું નહોતું. શ્રી સદ્દગુરૂવર્ય સ્વામીજી શ્રી માધવાનંદજીનો નિર્વાણ જયંતિ મહોત્સવ આકરૂ ગામમાં ૧૯૯૬ માં તા. ૧/૧/૧૯૪૦ ના દિવસે પ. પૂ. ચિદાનંદજી મહારાજ તથા પ.પૂ. સ્વામીશ્રી શિવોહં સાગરજીના અધ્યક્ષપણા નીચે ઉજવાયેલો. આ પ્રસંગે પ. પૂ. ચિદાનંદજી મહારાજશ્રીને ગુજરાત કાઠીયાવાડના મુમુક્ષુ ગુરૂ ભકતોએ શ્રીગુરૂગીતા સરળ



www.OmShreeMadhavanandji.org


ગુજરાતી ટીકા સહીત છપાવવાની પ્રાર્થના કરેલી. પ.પૂ. સ્વામીશ્રી ચિદાનંદજી મહારાજે ગુજરાતી આવૃતિ તૈયાર કરી. સવંત ૧૯૯૬ના જેઠ વદ ૨ ને શુક્રવાર તા. ૨૧/૬/૧૯૪૦ ના રોજ અમદાવાદ ખાતે શ્રી સદ્‌ગુરૂ સ્વામીજી મહારાજશ્રી અને ભકતોની ભરાયેલી કમિટિમાં "શ્રી સોપાસન નિત્યકર્મ અને શ્રી ગુરૂગીતા" સ્વહસ્તે લખેલું પુસ્તક રજુ કર્યું. જે સર્વાનુમતે મંજુર કરેલ જે ગુરૂગીતાનો નિત્યપાઠ હાલમાં થાય છે. આ ગ્રંથમાં શિષ્યોને કરવાનાં સાંપ્રદાયિક નિત્યકર્મોનો સુંદર વિવેચનપૂર્વક સમાવેશ કરવામાં આવ્યો છે. તેમજ " શિષ્યોનાં લક્ષણ અને કર્તવ્ય" એ વિષય પર અત્યુત્તમ વિવેચન કર્યુ છે. આમ ધાર્મિક સાહિત્યક્ષેત્રે તેઓએ યોગદાન આપી અપૂર્વ ઉપકાર કરેલો છે. આમ વૈદિક ધર્મનો પ્રચાર કરતાં કરતાં પ.પૂ. સ્વામીશ્રી ચિદાનંદજી મહારાજ સવંત ૨૦૦૧ના મહા વદ ૮ ને સોમવાર તા. ૫/૨/૧૯૪૫ ના રોજ મધ્યાહને બાર વાગે અમદાવાદમાં બ્રહ્મલીન થયાં હતાં. તેઓશ્રીના પાર્થિવદેહને ભરૂચમાં શ્રી નર્મદાજીના "દશાશ્વમેઘ" ના પવિત્ર ઘાટ પર તેઓશ્રીની પૂર્ણકૃપા પાત્ર અને તેમનાથી જ દિક્ષિત થયેલા શિષ્ય સ્વામીજી શ્રી શિવોહંસાગરજી મહારાજના હસ્તે અનેક સેવકો-શિષ્યોની હાજરીમાં શ્રી નર્મદાજીના પ્રવાહમાં "જળસમાધિ" આપી. દર વર્ષે તેઓશ્રીનો નિર્વાણ જયંતિ મહોત્સવ ઉજવીને તેઓશ્રીના વચનામૃતોને યાદ કરીને શ્રધ્ધાંજલિ સમર્પિત કરતાં રહ્યા છીએ.



શ્રી માધવાનંદ આશ્રમ
ગામઃ ઓજરાળા, તા. ઠાસરા, જી. ખેડા.



www.OmShreeMadhavanandji.org



પ. પૂ. સ્વામીજીશ્રી શિવોહંસાગર મહારાજશ્રી

## પ. પૂ. સ્વામીશ્રી શિવોહંસાગરજી મહારાજ


પ. પૂ. શિવોહંસાગરજી મહારાજનો પૂર્વાશ્રમમાં કંથારિયા તાલુકો-બોરસદ, જીલ્લો-ખેડા ગામના પાટીદાર કુટુંબમાં જન્મ થયો હતો. તેમના પિતાશ્રી કંથારીયા ગામનાં મુખી હતા. તેઓશ્રીને નાનપણથી ગુરૂભક્તિ ઉપર અથાગ પ્રેમ હતો. તેઓશ્રીએ અલ્લાહાબાદ (પ્રયાગરાજ)માં રહીને અભ્યાસ કરેલ. હાલના "શ્રી યોગાનંદ" આશ્રમમાં વર્ષો સુધી ચાતુરમાસ, અનુષ્ઠાનો કરી ત્રિકાળજ્ઞાની થયાં હતાં. આ યોગાનંદ આશ્રમમાંથી પ.પૂ. સ્વામીજી શ્રી ચિદાનંદજી મહારાજે પોતાના કરકમળોથી દીક્ષિત થયેલાં પ.પૂ. સ્વામીજી શ્રી શિવોહંસાગર મહારાજશ્રીને ગુજરાત-કાઠીયાવાડમાં વૈદિક - સનાતન ધર્મની ગુરૂ-શિષ્ય પરંપરાની નિગુર્ણ નિરાકાર અમર જયોતના બ્રહ્મજ્ઞાનના અમરતાનો સંદેશો ગુરૂભકતોને પહોંચાડવા માટે મોકલીને તેઓશ્રીના ઉત્તરાધિકારી બનાવ્યાં હતાં. પૂ. સ્વામીજી મહારાજશ્રી કાઠીયાવાડ-ગુજરાતમાં આવી સૌપ્રથમ આકરૂ ગામમાં પધારેલ. જયાં સર્વસેવક ગણ દ્વારા એક સાદા સમારંભમાં આપણા આ વૈદિક સનાતન ધર્મના "સદ્‌ગુરૂવર્ય" નો સ્વીકાર કર્યો હતો. તેઓશ્રીના હસ્તે જ પ. પૂ. સ્વામીજીશ્રી ચિદાનંદજી મહારાજને જળસમાધિ આપેલ. સવંત ૨૦૦૧ થી સંવત ૨૦૩૩ સુધીના સમયમાં આ વૈદિક સનાતન ગુરૂ-શિષ્ય પરંપરા ને પ્રવજલિત રાખવા એક ગામથી બીજા ગામમાં પગપાળા - ગાડામાં કે રેલ્વેમાં અનેક કષ્ઠો વેઠીને પણ સેવકોને મોક્ષગતિ પ્રાપ્ત કરાવવા મુસાફરી કરીને બ્રહ્મજ્ઞાનના અમરતાની જ્ઞાનગંગા ચાલુ રાખી હતી. આ વૈદિક જ્ઞાન જયોતને પ્રજવલિત



www.OmShreeMadhavanandji.org

રાખવા પ્રચાર-પ્રસાર કરતાં કરતાં વર્તમાન સમયને અનુરૂપ મનીષી પ્રકાંડ વિદ્વાન, સકલ દૈવી ગુણોનાં ભંડાર અને મેધાવી જ્ઞાન-યોગ્યતા જોઈને પ.પૂ. સ્વામીશ્રી શિવોહંસાગરજી મહારાજશ્રીએ વર્તમાન યુગના એક મહાન બ્રહ્મર્ષી પરમ પૂજ્ય અનન્તશ્રી વિભૂષિત શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ પરમહંસ પરિવ્રાજકાચાર્ય શ્રી ૧૦૦૮ સ્વામીશ્રી અખંડાનંદ સાગર વેદાન્તાચાર્યને ૧૯૬૯માં નાવડા મુકામે (તાલુકો-ધંધુકા) સંન્યસ્ત દિક્ષા આપી. માધવ પિઠાધીશ્વર પદને સસ્નેહે અર્પણ કરી ત્યાર બાદ તેઓશ્રીએ શેષ જીવન પ્રભુભક્તિમાં વ્યતિત કરતાં કરતાં સંવત ૨૦૩૩ ના ફાગણ સુદ ૨ ને રવિવાર ના દિવસે નિર્વાણ પદને પ્રાપ્ત થયાં.

ગામ "ઓજરાળા" તા. ડાકોર, જીલ્લો ખેડામાં પ.પૂ. બ્રહ્મલીન મહામંડલેશ્વર સ્વામીશ્રી અખંડાનંદસાગરજી મહારાજશ્રીના હસ્તે પ. પૂ. બ્ર. શ્રી પ્રકાશાનન્દજી મહારાજ , પ. પૂ. બ્ર. શ્રી જગદીશાનન્દજી મહારાજ અને અનેક સેવકગણ તેમજ સંતો મહંતોની ઉપસ્થિતિમાં સમાધિ આપી. શ્રી માધવાનંદ આશ્રમ - ઓજરાળામાં આજે પણ સમાધિના દર્શન થાય છે. તેઓશ્રીનો નિર્વાણ જયંતિ મહોત્સવ દર વર્ષે ગુજરાત-સૌરાષ્ટ્રના જુદા જુદા ગામોમાં ઉજવીને તેમના દ્વારા આપેલ જ્ઞાનને જીવનમાં ઉતારી ધન્યતા અનુભવે છે. તેઓશ્રીના સમાગમ થકી આપણે આપણા બ્રહ્મલીન સ્વામીશ્રી અખંડાનંદ સાગર મહારાજને સદ્‌ગુરૂવર્ય તરીકે પામ્યાં હતાં.



પ. પૂ. સ્વામીજીશ્રી શિવોહંસાગર મહારાજશ્રીની સમાધિ
સંવત ૨૦૩૩ ફાગણ સુદ ૨ ને રવિવાર



www.OmShreeMadhavanandji.org





www.OmShreeMadhavanandji.org

## પ. પૂ. શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી અખંડાનંદ સાગરજી મહારાજ

પ. પૂ. સ્વામીજી મહારાજનો જન્મ ૧૯૪૫ નાં ૧૮મી જુનના શુભદિને થયો હતો. સ્વામીજીનું પૂર્વાશ્રમનું નામ આંબાભાઈ હતું. પિતાશ્રીનું નામ જગજીવન (જગાબાપા) અને માતુશ્રીનું નામ પુંજીબા ઉર્ફે  દવલબા હતું. પુ. સ્વામીજી બાળપણથી જ સ્વામીશ્રી શિવોહંસાગરજી મહારાજના અનન્ય ભકત હતાં. સોળ વર્ષની નાની વયમાં જ બ્રહ્મચર્યની દિક્ષા લીધી. બાદ ૧૯૬૨ થી ૧૯૭૨ સુધી કાશી સ્થિત શ્રી દક્ષિણામૂર્તિ સંસ્કૃત મહાવિદ્યાલયમાં ભારતીય સંસ્કૃતિનાં ગ્રંથોનો અભ્યાસ કરી વારાણસીની વિશ્વવિદ્યાલયમાં વેદાન્તાચાર્યની પદવી પ્રાપ્ત કરી હતી. તે દરમ્યાન ૧૯૬૯માં તેઓશ્રીનું મેધાવી જ્ઞાન-યોગ્યતા જોઈ શ્રી પ.પૂ. સ્વામી શિવોહંસાગરજી મહારાજશ્રીએ સંન્યસ્ત દિક્ષા અર્પણ કરી, બ્રહ્મનિષ્ઠ બનાવ્યા. ૧૯૮૨માં પ્રયાગરાજમાં કુંભપર્વે નિરંજની અખાડાના મહામંડલેશ્વરો તથા મહંતો દ્વારા ‘‘મહામંડલેશ્વર’’ની પદવી આપવામાં આવી. પૂ. સ્વામીજીએ ધર્મ પ્રવર્તનનું મહાઅભિયાન હાથ ધર્યું. અને સતત વિચરણ દ્વારા વૈદિક સનાતન ધર્મનો મહિમા સમજાવતાં કહેતાં કે

‘‘બ્રહ્મ સત્ય છે. જગત મિથ્યા છે.’’ આત્મા અમર છે. જ્ઞાન માર્ગ સર્વશ્રેષ્ઠ છે. જ્ઞાનરૂપી અગ્નિમાં બધા જ કર્મો બળીને ભસ્મ થઈ જાય છે. સૌ જીવો પ્રત્યે સમભાવ રાખો. હૃદય અને દ્રષ્ટિ વિશાળ બનાવો. હંમેશા મુકતાનંદનો આનંદ લેવો. સદા રહે તે સત્ય. મનને સત્ય તરફ રાખવું. શરીર હું નથી. શરીરને હું માનવું નહીં. હું આનંદ સ્વરૂપ અખંડ અનિવાસી આત્માં છું. શિક્ષાપત્રીનું પાલન કરવું. ગુરૂવચનનું પાલન કરવું. ટુંકમાં કહીએ તો તેઓશ્રી વર્તમાન યુગનાં એક આદર્શ વ્યક્તિત્વનાં ધની તથા વિરલ યુગપુરૂષ હતાં. તેઓશ્રીના સાગર જેવા વિશાળ હૃદયમાં વિશ્વબંધુત્વની ભાવના ભરપુર ભરેલી હતી. વર્તમાન યુગમાં કનક-કાન્તાંનાં અદ્વિતીય મહાત્યાગી હતાં. ‘‘સરળ સ્વભાવ ન મન કટુલાઈ’’ જેવા નિખાલસ સ્વભાવથી પરિપૂર્ણ અને વિપુલ શોર્યશીલ પ્રભાવશાળી વ્યક્તિત્વને લઈને આજ આખા વિશ્વમાં તેઓશ્રીના સેવકો-અનુયાયીઓ ફેલાયેલા છે. તેઓશ્રીએ ગુજરાત-સૌરાષ્ટ્ર-ભારત અને વિદેશોમાં અનેક સંસ્કાર કેન્દ્રો, આધ્યાત્મિક મંદિરો અર્થાત્ ૪૮ (અડતાલીશ) જેટલા આશ્રમો સ્થાપ્યાં. તેઓશ્રીએ અનેકવાર અમેરીકા, લંડન, બેલજીયમ, આફ્રિકા જેવા દેશોમાં ધર્મયાત્રાઓ કરી વૈદિક સંસ્કૃતિનો બહોળો પ્રચાર કર્યો. ‘‘સાદુ જીવન-ઉચ્ચ વિચાર’’ એ ગુરૂ-શિષ્ય પરંપરાની આદર્શ જયોતને પ્રજવલિત રાખવા અને બ્રહ્મજ્ઞાનના  અમરતાનાં સંદેશાની અંહાલેક જગાવી હતી. અખંડ આનંદના સાગરમાં આપણને સૌને ઝબોળીને ‘‘સચ્ચિદાનંદ’’ને પ્રાપ્ત કરાવ્યાં હતા. તેઓશ્રીની વાણીમાં સત્યતાનો રણકાર સંભળાતો હતો. ભારતીય ઋષિમુનીઓની પરંપરાના સંરક્ષક પૂ. સ્વામીજી મહારાજશ્રીએ યુવા શક્તિ અને શોર્ય ધૈર્ય શક્તિને જગાવવા અને આ દેશનું ભાવિ ઉજજવળ કરવા તેમજ જન કલ્યાણના અને લોકોપયોગી ૪૮ આશ્રમો નીચે મુજબનાં સ્થાપ્યાં.



www.OmShreeMadhavanandji.org



"બ્રહ્મર્ષિ સદન" શ્રી માધવપિઠાધીપતિ સ્વામીજીશ્રીનું નિવાસ સ્થાન - ચાંણોદ

| | ગામ | તાલુકો | | ગામ | તાલુકો |
|---|---|---|---|---|---|
| (૧) | આકરૂ | ધંધુકા | (૨૫) | લીંબાસી | માતર |
| (૨) | પીપરીયા | ધંધુકા | (૨૬) | ઓજરાળા | ઠાસરા |
| (૩) | નવા નાવડા | ધંધુકા | (૨૭) | ખાંધલી | માતર |
| (૪) | ચમારડી | વલ્લભીપુર | (૨૮) | સોજીત્રા | પેટલાદ |
| (૫) | ચોગઠ | ઉમરાળા | (૨૯) | નાર | પેટલાદ |
| (૬) | ડંભાળીયા | ઉમરાળા | (૩૦) | વડદલા | પેટલાદ |
| (૭) | પીપળીયા | શિહોર | (૩૧) | ધર્મજ | પેટલાદ |
| (૮) | પાલડી | શિહોર | (૩૨) | ભાદરણ | બોરસદ |
| (૯) | નાના સુરકા | શિહોર | (૩૩) | આંકલાવ | બોરસદ |
| (૧૦) | ધાંદાળી | શિહોર | (૩૪) | કંથારીયા | બોરસદ |
| (૧૧) | શિહોર | શિહોર | (૩૫) | હળદરી | બોરસદ |
| (૧૨) | ભાવનગર | ભાવનગર | (૩૬) | ખડોલ | બોરસદ |
| (૧૩) | ભાવનગર(શિવોહંનગર) | ભાવનગર | (૩૭) | નાપાડ | આણંદ |
| (૧૪) | ભીંગરાડ | દામનગર | (૩૮) | આણંદ | આણંદ |
| (૧૫) | ધારૂકા | ઉમરાળા | (૩૯) | કરમસદ | આણંદ |
| (૧૬) | દડવા | ઉમરાળા | (૪૦) | વિદ્યાનગર | આણંદ |
| (૧૭) | ભાંભણ | બોટાદ | (૪૧) | ચાંણોદ | ડભોઈ |
| (૧૮) | લીંબડી | લીંબડી | (૪૨) | ચાંણોદ સં. કેન્દ્ર | ડભોઈ |
| (૧૯) | જોરાવરનગર | જોરાવરનગર | (૪૩) | સુરત | સુરત |
| (૨૦) | વીરતા | ચાણસ્મા | (૪૪) | મુંબઈ | મુંબઈ |
| (૨૧) | મોટા ઈસનપુર | ગાંધીનગર | (૪૫) | પલોલ | પેટલાદ |
| (૨૨) | અમદાવાદ(સુઘડ) | ગાંધીનગર | (૪૬) | હરદ્વાર | હરદ્વાર |
| (૨૩) | કપડવંજ | કપડવંજ | (૪૭) | ઉમરાળા | ઉમરાળા |
| (૨૪) | કઠલાલ | કપડવંજ | (૪૮) | ન્યજર્સી-શિકાગો | યુ.એસ.એ. |


www.OmShreeMadhavanandji.org

આ તમામ સંસ્કાર કેન્દ્રો અર્થાત્ આશ્રમોમાં નિત્ય કર્મવિધિ મુજબ પ્રાતઃકાળમાં "શ્રી ગુરૂગીતા" નો પાઠ - આરતી તેમજ સાંજના શ્રી ગુરૂદેવની આરતી-સ્તુતિ - શ્રી ગુરૂપંચક સ્તોત્રમ્ - શ્રી ગુરોરષ્ટસ્તોત્રમ્ - આરતી તથા રાત્રીના ભજન - કીર્તન - પ્રભુ પ્રાર્થના - ધુન વિગેરે કાર્યક્રમો પ. પૂ. સ્વામીજીની આજ્ઞા મુજબ થાય છે. તેમજ અમુક આશ્રમોમાં દર પુનમ-અમાસના સત્સંગ સભા થાય છે. અને સમુહ ભિક્ષા રાખવામાં આવે છે. આ આશ્રમો પૈકી નીચેના આશ્રમો-સંસ્કાર કેન્દ્રોમાં વિવિધ પ્રવૃત્તિઓ થાય છે.

## (૧) શ્રી માધવાનંદ આશ્રમ - ભાવનગર

આ આશ્રમમાં નિત્યકર્મ વિધિ તો થાય છે. ઉપરાંત સત્સંગ સભા-પુનમ-અમાસના સમુહ ભિક્ષા તથા નિત્ય પૂ. સ્વામીજી મહારાજને બપોરનાં ભિક્ષાનો થાળ ધરી - પ્રસાદ લે છે.

પ. પૂ. મહામંડલેશ્વર સ્વામીશ્રી અખંડાનંદ સાગર વેદાન્તાચાર્ય દ્વારા દરેક મુમુક્ષોઓના ઘેરઘેર વૈદિક સનાતન ધર્મના બ્રહ્મજ્ઞાનના અમરતાનો દિવ્ય સંદેશો તથા સંતો-મહંતો કે જ્ઞાનીજનોના લેખો, ભક્તવૃંદ પાસેથી પણ ધાર્મિક લેખો, ભજનો વિગેરે પહોંચાડવા "વેદ રહસ્ય" દર મહિનાની ૫ મી તારીખે પ્રગટ થતું માસિક શરૂ કરેલ. આ ૨૨ વર્ષ જુનું, સંસ્કાર અને ધર્મભાવના જાગૃત કરનારૂ માસિક છે. જે આ આશ્રમમાંથી પ્રગટ થાય છે. "વેદ રહસ્ય" તદન સામાન્ય લવાજમથી ઉપલબ્ધ છે.




શ્રી માધવાનંદ આશ્રમ
ન્યુ એરોડ્રામ રોડ, પ્લોટ નં. ૧૦૮૫, ભાવનગર.



www.OmShreeMadhavanandji.org

## (૨) શ્રી માધવાનંદ આશ્રમ – સુરત

ગુરૂ-શિષ્યની પરંપરા પ્રમાણે ગુરૂભક્તો નિત્ય પૂજાપાઠ - આરતી - ભજન - કીર્તન - પ્રભુ પ્રાર્થના - ધૂન આદિ પ્રવૃતિ અંગે ભેગા થાય છે અને સ્વામીશ્રીના સાનીધ્યમાં સત્સંગ, ભજનનો લાભ લે છે. પૂ. સ્વામીશ્રીની અનઉપસ્થિતિમાં આ કાર્યક્રમ ચાલુ રહે છે. ધાર્મિક પ્રવૃતિની સાથે લોકોની સેવા માટે પ. પૂ. સ્વામીશ્રી અખંડાનંદ સાગરજીની પ્રેરણાથી શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ (ટ્રસ્ટ) સંચાલિત રાહતદરનું હોમીયોપેથિક દવાખાનું તા. ૨૭/૩/૧૯૯૪ થી શરૂ કરે છે. આજની એલોપેથી સારવારથી ફાયદાની સાથે આડઅસર પણ થાય છે. જયારે હોમીયોપેથિક દવાથી કોઈપણ જાતની આડઅસર થવાની શકયતા રહેતી નથી. હોમીયોપેથિક દવાથી અતિ ગંભીર એવા હઠીલા દર્દોની પણ સારવાર કરવામાં આવે છે. અને અત્યંત સારૂ પરિણામ મળે છે. હોમીયોપેથિક ડૉકટરો આ સારવાર કેન્દ્રમાં દર શનિ-રવિ બે દિવસ સેવાનો લાભ આપે છે. આ બે દિવસમાં જ લગભગ ૪૦૦ જેવા દર્દીઓ સારવારનો લાભ લે છે. દરેક દર્દીઓની કોઈપણ જાતના ભેદભાવ વગર રાહત દરે સારવાર કરવામાં આવે છે.



શ્રી માધવાનંદ આશ્રમ
ઉદયનગર સોસાયટી વિ.-૧, કતારગામ રોડ, સુરત.



www.OmShreeMadhavanandji.org

## (૩) શ્રી માધવાનંદ આશ્રમ – ચાંણોદ

ગુજરાતની દક્ષિણ ગંગા એટલે મા નર્મદા(રેવા) તેનો પવિત્ર કિનારો એટલે અનેક યુગના ઋષિઓ-યોગીઓ તથા સંતોની તપોભૂમિ. આ તપસ્થલિ પર પ. પૂ. પ્રાતઃ સ્મરણીય બ્રહ્મલીન મહામંડલેશ્વર સ્વામીશ્રી અખંડાનંદ સાગર મહારાજે ૧૯૮૪ ના વર્ષમાં પદાર્પણ કરી અને જોતાં જ નયનરમ્ય સૌંદર્યઉકત નર્મદાતટને પોતાની તપોભૂમિ બનાવીને અંહાલેકની ધૂણી ધખાવી. પ્રથમ આંકલાવના ગોસ્વામી શ્રી દિલીપગિરીએ ભૂમિદાન કરીને સહકાર આપ્યો. ત્યારબાદ સદ્‌ગુરૂ મહારાજે "શ્રી શિવોહંસાગર અન્નક્ષેત્ર" ખોલીને અનેક દીનદુઃખીયા - ભુખ્યાને અન્ન આપીને "ટુકડાથી હરિ ઢુકડો" ઉકિત અનુસાર દરીદ્રમાં પણ નારાયણનાં દર્શન કર્યા. આ અન્નક્ષેત્રમાં કોઈપણ જાતના ભેદભાવ વગર સાધુ સંતો તેમજ ગુરૂ ભકત-હરિ ભકતોને ભોજન આપવામાં આવે છે. માં નર્મદા દેવી ના દર્શને આવતા યાત્રાળુઓ પણ આ અન્નક્ષેત્રનો લાભ લે છે.

ત્યારબાદ આશ્રમના વધુ વિકાસાર્થે ગામની બાજુમાં થોડીક ભૂમિ ખરીદીને શ્રી માધવાનંદ આશ્રમની વિકાસયાત્રા શરૂ કરી. આ વિકાસ યાત્રામાં અનેક નામી-અનામી સેવકો-ગુરૂભકતોએ ઉદારહાથે આર્થિક સહયોગ આપ્યો. હાલમાં પણ આર્થિક સહયોગ દ્વારા પ. પૂ. બ્રહ્મલીન મહામંડલેશ્વર સ્વામીશ્રી અખંડાનંદ સાગર મહારાજશ્રીની કરૂણામય અમીભરી દ્રષ્ટિની છત્રછાયાંમાં લોક-ઉપયોગી અને જનકલ્યાણની અનેક નિઃશુલ્ક સેવા પ્રવૃતિઓ શરૂ કરેલ છે. જેવી કે -

(૧) આધ્યાત્મિક જ્ઞાન યજ્ઞ (૨) અન્નક્ષેત્ર (૩) સત્સંગ શિબિર (૪) યાત્રીઓ માટે અતિથિ નિવાસ (૫) બાળ સંસ્કાર શિબિર (૬) ગૌશાળા (૭) ઔષધાલય (દવાખાનું) (૮) છાત્રાલય (૯) નેત્રયજ્ઞ, દંતયજ્ઞ, વૈદ્યકિય નિદાન તથા સલાહ કેન્દ્ર કેમ્પ. (૧૦) સર્વરોગ નિદાન શિબિર (૧૧) પ્રશિક્ષિત શિક્ષણ શિબિર.

**ગૌશાળા :**

આશરે ૧૫ વીઘાં જમીનમાં ચાંણોદ આશ્રમમાં ગૌશાળાનું આયોજન કરેલ છે. ગાયને આપણે "ગૌમાતા" ના લોકલાડીલા નામથી સંબોધીએ છીએ. જેનાથી જ ગાયોનું મહત્વ સમજી શકાય છે. વળી શાસ્ત્રોમાં પણ કહ્યું છે. કે ગાયમાતામાં ૩૩ કરોડ દેવોનો વાસ હોય છે. જેથી ગાયોની સેવાની સાથે ૩૩ કરોડ દેવોની સેવાનો લાભ પરોક્ષભાવે મળે છે. ગાયોની સેવા માટે સુંદર ગૌશાળાનું આયોજન કરેલ છે. ગૌ સેવા, સંતો-મહંતો તથા ભકતગણ ઉપરાંત ગૌસેવાનું મહત્વ સમજતાં છાત્રાલયનાં વિદ્યાર્થીઓ પણ કરે છે. હાલમાં વિશાળ-ગૌશાળાનું બાંધકામ ચાલી રહ્યું છે. હાલમાં આ ગૌશાળામાં ગાયો-વાછરડી-વાછરડા સહિત ૪૩ની સંખ્યા છે.

**છાત્રાલય : (સ્વામીશ્રી શિવોહંસાગર બાળ સંસ્કાર કેન્દ્ર– ચાંણોદ)**

નયન રમ્ય માધવાનંદ આશ્રમમાં આર્થિક રીતે અસંપન્ન છાત્રો માટે છાત્રાલયનું

આયોજન કરેલ છે. જેમાં આર્થિક નબળા વિદ્યાર્થીઓને રહેવાની સાથે ભોજનની પણ સગવડ છે. ભોજન કે નિવાસની વિદ્યાર્થી પાસેથી કોઈપણ જાતની ફી લીધા વગર સગવડ આપવામાં આવે છે. દરેક વિદ્યાર્થીને આ આશ્રમમાં આવતાં સ્વામીશ્રીનો તેમજ સંતોના દર્શનનો તથા તેઓશ્રીની દિવ્યવાણીનો લાભ મળે છે. જેથી ઉજજવળ અભ્યાસકીય કારકીર્દીનું નિર્માણ જીવનમાં સંસ્કાર સાથે થાય છે.

**ઔષધાલય :**

ચાંણોદ ગામમાં આવેલ શ્રી માધવાનંદ આશ્રમમાં પ.પૂ. બ્રહ્મલિન સ્વામીશ્રી અખંડાનંદ સાગર ના વરદ હસ્તે "સ્વામીશ્રી અખંડાનંદ સાગર ઔષધાલય"નું ઉદ્‌ઘાટન કરેલ. આજે આ દવાખાનામાં અનેક દર્દીઓ સારવારનો લાભ લે છે. દર્દીઓને આપવામાં આવતી દવાઓનો કોઈ ચાર્જ લેવામાં આવતો નથી. પરંતુ તબીબી સેવાના ૨ (બે) રૂપિયા ટોકન ફી લેવામાં આવે છે. આ દવાખાનાનું સંચાલન આશ્રમ નીચે થાય છે. આ ઉપરાંત દર વર્ષે બાળ સંસ્કાર શિબિર, સત્સંગ શિબિર, આધ્યાત્મિક જ્ઞાનયજ્ઞ, નેત્રયજ્ઞ, દંતયજ્ઞ, રકતદાન કેમ્પ, વૈદ્યકીય નિદાન તેમજ સલાહ કેમ્પ, સર્વરોગ નિદાન શિબિર અને પ્રશિક્ષિત શિક્ષણ શિબિરો રાખવામાં આવે છે. જેના દ્વારા અનેક માનવો લાભ લે છે. છેલ્લે પ. પૂ. બ્રહ્મલિન સ્વામીશ્રી અખંડાનંદ સાગર મહારાજશ્રીની અધ્યક્ષતામાં તા. ૧/૫/૨૦૦૦ થી ૫/૫/૨૦૦૦ દરમ્યાન પ્રશિક્ષિત શિક્ષણ શિબિર દ્વારા સત્સંગ રાખેલ. આ શિબિરમાં બહોળા પ્રમાણમાં ગુરૂભકતોએ લાભ ઉઠાવેલ - દિવસ દરમ્યાન શિક્ષણ મેળવી - રાત્રી દરમ્યાન લીધેલ શિક્ષણ - ઉભા થઈને પૂ. સ્વામીજીની હાજરીમાં બધાને સંભળાવવાનો. આમ ભકતો દ્વારા વૈદિક ધર્મ પ્રચાર કરાવવા આવી શિબિરો પૂ. સ્વામી ગોઠવતાં. આમ અનેક વિધ ધાર્મિક પ્રવૃતિઓથી ધમધમતું ચાંણોદ એટલે "શ્રી માધવાનંદ આશ્રમ"



શ્રી માધવાનંદ આશ્રમ
ગામ : ચાંણોદ (ગામમાં) નર્મદાના કિનારે



www.OmShreeMadhavanandji.org




ગૌશાળા - ચાંણોદ




સ્વામીશ્રી શિવોહંસાગર બાળ સંસ્કાર કેન્દ્ર (છાત્રાલય) - ચાંણોદ



www.OmShreeMadhavanandji.org




સ્વામીશ્રી અખંડાનંદ સાગર ઔષધાલય - ચાંણોદ



સ્વામીશ્રી અખંડાનંદ સાગર ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત
શ્રી માધવ ગુરુકુળ - બાકરોલ, વિદ્યાનગર



www.OmShreeMadhavanandji.org

## (૪) શ્રી માધવ ગુરૂકુળ - બાકરોળ (વિદ્યાનગર)

૨૧ મી સદીના કિનારેઆવી પહોંચેલા આપણા દેશમાં કોબ્રા નાગની જીભના લબકારા દેતી પશ્ચિમી સંસ્કૃતિ અને આધૂનિક સમાજને સણસણતા જવાબ દેતા "ગુરૂકૂળો" કે "તપોવનો" ની આ વાત છે. જયાં ભારતીય સંસ્કૃતિ સાથે શિક્ષણ જયોત ઝગમગી રહે છે.

આજના આ વાતાવરણમાં ધર્મના સમન્વય ઉકત શિક્ષણ સાથે શુભ સંસ્કારોનું સિંચન "ઈન્સાન" સાથે ડૉકટરો, એન્જીનીયરો, વકીલો કે ચાર્ટડ એકાઉન્ટન્ટ થાય એવું આજના મા-બાપો વિચારતા થયાં છે. કેમ કે આજે ખુબ જ નાની વયથી બાળકોમાં ખરાબ સંસ્કારો પડવા લાગ્યા છે. "ગંદુ" કહેવાય તે બધુ જ બાળકોના જીવનમાં પેસવા લાગ્યું છે. ધર્મ અને સંસ્કૃતિ પ્રત્યેની અભિરૂચી લુપ્ત થતી જાય છે. સંસારમાં મા-બાપોને વહાલામાં વહાલી ચીજ તેમનાં સંતાનો ગણાય. આવા બાળકોનું જીવન-ગુલાબ ખીલ્યું ન ખીલ્યું ત્યાં જ કરમાવા લાગે અને દોષોના કીડા પડવા લાગે ત્યારે મા-બાપોએ કયાં જવું? આધુનિકવાદના આ સળગતી સમસ્યાઓનું નિરાકરણ અને સુસંસ્કારોનું સિંચન કરે તે જ "ગુરૂકુળ"- "તપોવન".

### "ગુરૂકુળ" એટલે શું?

ભારતીય સંસ્કૃતિએ તપોવનની સંસ્કૃતિ છે. ગુરૂકુળ દ્વારા શિક્ષાએ ભારતની પ્રાચીન સંસ્કૃતિની વિશિષ્ટતા છે. ઋષિમુનીઓ વસ્તીથી દુર નૈસર્ગિક વાતાવરણમાં પર્ણ કુટીર બાંધી આધ્યાત્મિક સાધના કરતાં. વિદ્યાર્થીઓ પોતાના વિદ્યાભ્યાસ માટે આવા શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ ગુરૂ પાસે આવતા અને ગુરૂકુળમાં રહી જરૂરી વિદ્યા અને કળાનો અભ્યાસ કરવામાં સમયનો સદ્ઉપયોગ કરતા તેની સાથે સાથે તેમના જીવનમાં ઉચ્ચ સંસ્કારો આપોઆપ મળતા હતાં. આવા નિષ્કામ કર્મયોગી ગુરૂઓ અને વિદ્યાર્થીઓની વસાહતો "ગુરૂકુળ" કહેવાતા. આવા ગુરૂકુળોની પ્રણાલિકામાં ધર્મ પરાયણ અને ચારિત્ર પ્રધાન પ્રજા ઉછરતી હતી. પરંતુ બદલાતા સમયની સાથે આપણા સમાજ પરિવર્તનમાં ભારતની પ્રાચીન ગુરૂકુળની પ્રથા નેસ્ત નાબુદ થતી ગઈ. લુપ્ત થતી આ પ્રથાને "શ્રી માધવ ગુરૂકુળ" થી સજીવન કરવા શુભ પ્રયાસ આદર્યો.

હાલનાં ભૌતિકવાદમાં રાચનારા સમાજમાંથી આજના વિદ્યાર્થીને ધર્મ અને વિજ્ઞાનના સમન્વય ઉકત શિક્ષણ મળતુ નથી. વિજ્ઞાન અને ધર્મ એક સિક્કાની બન્ને બાજુની જેમ હોવું જોઈએ. એકલો ધર્મ પણ વિજ્ઞાન વગર અંધશ્રધ્ધામાં ફેરવાય છે. વિદ્યાર્થીને હાલના વિપરીત વાતાવરણથી બચાવવા વૈદિક સનાતન ધર્મની દ્રષ્ટિએ ધાર્મિક શુભ સંસ્કારોનું સિંચન ચારિત્ર્યનું ઘડતર થાય, સદાચારી, પરોપકારી, સંયમી અને ઉચ્ચ જીવનના પાઠ મળે ઉપરાંત ધર્મના સમન્વય ઉકત શિક્ષણ આપી વિદ્યાર્થીઓનાં સર્વાંગી વિકાસ સધાય, તેનો વ્યવહાર માર્ગ અને મોક્ષ માર્ગ સુધરે અને એ રીતે દેશને અને સમાજને ઉપયોગી થાય અને તેમનું માનવ જીવન સફળ થાય એવી મંગલ ભાવના સાથે ગુરૂકુળની પ્રવૃતિઓ આરંભી.

ગુરૂકુળના નામ પ્રમાણે જયાં ધાર્મિક વાતાવરણમાં રહીને વિદ્યાર્થી સામાજિક શિક્ષણ લઈ શકે તે માટે "શ્રી માધવ ગુરૂકુળ"નું શિક્ષણધામ સમા વિદ્યાનગરમાં આ ગુરૂકુળનું આયોજન કરી બનાવવામાં આવ્યું. વિદ્યાનગરમાં દરેક વિદ્યાશાખાની શૈક્ષણિક સંસ્થાઓ હોવાથી અહીંયા વિદ્યાર્થીઓનો ઘસારો પણ રહે છે. જેથી તેમને રહેવાની તથા

ભોજનની અગવડતા પડતી હોય છે. જેને ધ્યાનમાં લઈને લગભગ ૧૪૦૦૦ ચો. વાર જમીનમાં પ.પૂ. બ્રહ્મલીન સ્વામીશ્રી અખંડાનંદ સાગર મહારાજે "શ્રી માધવ ગુરૂકુળ" ઉભું કરી સમાજની મહાન સેવા કરી છે. આપણે તેમના ઋણિ છીએ. ગુરૂકુળમાં નીચે મુજબની આવશ્યક સગવડો ઉભી કરવામાં આવી છે.

**(૧) પ્રાર્થના હોલ તથા સંત આવાસ :**

સામાજિક શિક્ષણની સાથે ધર્મનો પણ સમન્વય થાય તે માટે સંતોનો સંગાથ આવશ્યક છે. અને તેથી જ સંત આવાસ તેમજ સુંદર વિશાળ પ્રાર્થના ખંડ બનાવેલ છે. જેમાં એકી સાથે ૩૦૦ વિદ્યાર્થીઓ પોતાની નિત્ય પૂજાપાઠ વિધિ, ધ્યાન સભા, પ્રવચન, ભજન કીર્તન તેમજ સંતોની વાણીનો દરેક વિદ્યાર્થીને લાભ મળે છે.

**(૨) લાયબ્રેરી :**

કંઈક નવિન જાણવાની, શાંત વાતાવરણમાં વાંચવાની અને નવિન મેળવવાની મહેચ્છા તો દરેકને હોય જ છે. આ મહેચ્છાપૂર્ણ કરવા એક વિશાળ લાયબ્રેરીની ગુરૂકુળમાં વ્યવસ્થા કરવામાં આવી છે. આ લાયબ્રેરીમાં વિદ્યાર્થીઓના વાંચન માટે સમાજ ઉપયોગી પુસ્તકો તથા ધાર્મિક પુસ્તકો પણ રાખવામાં આવ્યાં છે. જેથી વિદ્યાર્થીને બંને પ્રકારનુ વાંચન એક જ જગ્યામાં મળી રહે અને શાંત ચિત્તે અભ્યાસ કરી શકે.

**(૩) ભોજનાલય :**

"અન્ન તેવો ઓડકાર" ની કહેવત પ્રમાણે આપણાં જીવનમાં અલગ-અલગ આહારની અલગ-અલગ અસર થતી હોય છે. શુધ્ધ, સાત્ત્વિક આહારથી જીવન પણ સરળ અને સાત્ત્વિક બને છે. એકી સાથે ૨૫૦ વિદ્યાર્થીઓ બેસી ભોજન લઈ શકે તેવી આધુનિક વ્યવસ્થા કરવામાં આવેલ છે. રસોડામાં રાંધવાનાં આધૂનિક ચુલા તથા વાસણો વસાવેલ છે. આ તમામ ચુલાને ગેસ લાઈનથી જોડવામાં આવેલ છે. રસોડામાં "અગ્નિશામક" પણ રાખવામાં આવેલ છે. રસોઈ ઘરની બાજુમાં રસોયા તેમજ રસોડા વિભાગમાં કામ કરતાં માણસોને રહેવા માટે આવાસ પણ બનાવેલ છે. તેમજ સાધન સામગ્રી માટે અદ્યતન ભંડાર પણ બનાવેલ છે.

**(૪) રમત ગમત :**

ઈન્ડોર ગેઈમ માટે "ગેઈમરૂમ" પણ બનાવેલ છે. જેમાં ટેબલટેનીસ, કેરમ, શતરંજ દ્વારા વિદ્યાર્થીઓ આનંદ માણી શકે છે. તેમજ આઉટડોર ગેઈમ માટે વિશાળ લોનવાળું મેદાન રાખવામાં આવેલ છે. જેમાં વિદ્યાર્થીઓ રજાના દિવસોમાં વોલીબોલ, ક્રિકેટ રમી આનંદ લે છે તેમજ શરીર સુદ્રઢ બનાવવા કસરતના સાધનો પણ રાખવામાં આવ્યા છે.

આ ઉપરાંત ગુરૂકુળમાં કોચિંગ કલાસ, ધાર્મિક ચર્ચા, પશ્નોતરી, શૈક્ષણિક-સાંસ્કૃતિક પ્રવાસ, દૈનિક સવાર-સાંજ પ્રાર્થના સભા રાખવામાં આવે છે. આ ઉપરાંત દર મહિનાની પુનમે "પુનમની સત્સંગ સભા" જેમાં આજુબાજુના ગુરૂભકતો એકત્રિત થાય છે અને પૂ. સ્વામીજી મહારાજની પવિત્ર વાણીનો લાભ મેળવી - સમુહ ભિક્ષા લઈ ધન્યતા અનુભવે છે. આ સમુહ ભિક્ષાનું આયોજન ખેડા જીલ્લાના જુદા જુદા ગામો દ્વારા કરવામાં આવે છે. તેમજ દર વર્ષે "વાર્ષિક વાલી સંમેલન" પણ યોજવામાં આવે છે. "શ્રી માધવ ગુરૂકુળ" સંકુલનમાં સુંદર બાગ-બગીચાનું નિર્માણ પણ કરવામાં આવેલ છે. જે ગુરૂકુળની શોભામાં તપોવનની સાક્ષી પુરે છે.

## (૫) આંતર રાષ્ટ્રીય શ્રી માધવાનંદ આશ્રમ – સુઘડ – ગાંધીનગર

આજના આ ભૌતિક વાદના વિલાસી વાતાવરણમાં ગુમરાહ થનાર માનવોના કલ્યાણાર્થે અને સંતો દ્વારા આધ્યાત્મિક વૈદિક જ્ઞાનનું પ્રશિક્ષણ આપી જન્મ મરણનાં ૮૪ લાખ યોનીના ચક્રમાંથી મુકત કરાવવા અને મોક્ષ પદના સહભાગી બનાવી બ્રહ્મપદ પ્રદાન કરવા, બ્રહ્મલીન સ્વામીજી શ્રી અખંડાનંદ સાગર મહારાજશ્રીએ આ સંસ્થા પ્રસ્થાપિત કરેલ છે.


આ સંસ્થામાં શિષ્યો-ગુરૂભકતો તેમજ સેવકશ્રીઓને બ્રહ્મજ્ઞાનના અમરતાનું વૈદિક જ્ઞાનના સંદેશનું "પ્રશિક્ષણ" આપવું અને શિક્ષણ લઈને તેમના દ્વારા ગામડે-ગામડે "સચ્ચિદાનંદ સત્સંગ શિબિરો યોજીને ભારતની વૈદિક સનાતન સંસ્કૃતિના બ્રહ્મજ્ઞાન દ્વારા મોક્ષ-કલ્યાણના સહભાગી થવા. આ જ્ઞાનથી ભવના ફેરામાંથી છૂટી શકે સાથો સાથ "સચ્ચિદાનંદ સનાતન વૈદિક ધર્મનું પ્રચાર અભિયાન દ્વારા પ્રસાર-પ્રચાર પણ થાય.

આ સંસ્થા દ્વારા વ્યસન મુક્તિ અભિયાન પણ ચલાવવું અને વર્તમાન યુગમાં ઉગતી યુવા પેઢી જે વ્યસન ફેશનમાં પડેલા દિશા શુન્ય યુવાધનને પોતાની અંદર રહેલા શોર્ય, ધૈર્ય, એવં વીરત્વ જગાવીને ધર્મના સંસ્કારોનું સિંચન કરીને "દેશનાં સંરક્ષણ એવં ધર્મના સંવર્ધન" માટે પ. પૂ. બ્રહ્મલીન સ્વામીજીશ્રીએ આ નિઃસ્વાર્થ અભિયાનનો સંકલ્પ કરેલ છે. આ અભિયાન દ્વારા સુઘડ, કોટેશ્વર, નભોઈ, મોટેરા કોબા, નાના કોબા, તથા આસપાસના ગામોમાં વિચરણ કરી શરૂઆત પણ કરેલી હતી.


આ સંસ્થામાં "ઓફસેટ" પ્રેસ રાખી વૈદિક ધર્મના પ્રસાર-પ્રચારના જરૂરી તમામ પેમ્પલેટો, બુકલેટો, કેલેન્ડરો વિગેરે ધાર્મિક સાહિત્ય છાપીને પ્રચાર અભિયાન ચલાવવું સાથોસાથ "વેદ રહસ્ય" પણઆ સંસ્થામાંથી જ પ્રકાશિત કરવું. જેથી છાપણી ખર્ચ બચાવી શકાય. તુલસીદાસજીએ કહ્યું છે કે "તનકો રંગે સબ કોઈ, મન કા વિરલા કોઈ" આ ઉકિત મુજબ રાષ્ટ્ર સેવા, સમાજ સેવા તથા જગતની સેવા કરતાં શરીરને રંગ લગાડયા વગર મનથી જ ઉચ્ચ પ્રકારનું જીવન જીવી ગયા છે.

છેલ્લે આ સંસ્થામાં "બાળ યોગ શિબિર" રાખવામાં આવેલ જે શિબિરનું તા. ૧૪/૫/૨૦૦૦ ના રોજ સવારના ૮:૦૦ કલાકે સમાપન કરી બાળકોને આશિર્વચન પાઠવી આ પુણ્ય જયોતિ ૮:૪૫ કલાકે મહાજયોતિમાં વિલિન થઈ જયોતિર્મય થઈને બ્રહ્મલિન થયા.

આ સંસ્થાના રૂમમાં જ પાર્થિવ શરીરનો ત્યાગ કરેલ હોય. તેમની ચરણ પાદૂકાને વિધિવત શાસ્ત્રોક્ત મંત્રો દ્વારા સ્થાપન કરેલ છે. જેથી હાલમાં અને ભવિષ્યમાં તેઓશ્રીના ચરણની ચરણરજ લઈ ગુરૂભકત ધન્યતા અનુભવી શકે.



આંતરરાષ્ટ્રીય શ્રી માધવાનંદ આશ્રમ - નર્મદા મેઈન કેનાલ પાસે, કોબા સર્કલ
અમદાવાદ - ગાંધીનગર રોડ, મુ. સુઘડ - ગાંધીનગર




પ. પૂ. શ્રી ૧૦૦૮ પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહામંડલેશ્વર સ્વામીશ્રી અખંડાનંદ સાગર મહારાજ
વેદાંતાચાર્ય બ્રહ્મલીન થયાં તે સ્થળ
મુ. સુઘડ - ગાંધીનગર



www.OmShreeMadhavanandji.org




શ્રી માધવાનંદ આશ્રમ
દક્ષેશ્વર માર્ગ, જગજીતપુર (કનખલ) હરદ્વાર, જી. ઉત્તરાખંડ, યુ. પી.



સ્વામીશ્રી અખંડાનંદ સાગર સ્નાન ઘાટ
દક્ષેશ્વર માર્ગ, જગજીતપુર (કનખલ) હરદ્વાર, જી. ઉત્તરાખંડ, યુ. પી.



www.OmShreeMadhavanandji.org

## (૬) શ્રી માધવાનંદ આશ્રમ – હરદ્વાર

આર્ય સંસ્કૃતિનું ઉદ્‌ગમ સ્થાન નદી કિનારે થયું છે. આપણી ભારતીય સંસ્કૃતિનો ઉછેર ગંગા-જમનાના ખોળે થયો છે. હિમાલયનો ઉત્તરાખંડ - એજ હરદ્વાર. "હર" એટલે શંકર તેની "જટા" એ પ્રવેશદ્વાર એટલે "હરદ્વાર". આને "હરિદ્વાર" પણ કહેવાય છે. "હરિ" એટલે "નર-નારાયણ". બદ્રિનાથ, કેદારનાથ. ગંગોત્રી અને યમુનોત્રી આ ચારધામની યાત્રાનું દ્વાર એટલે પણ "હરદ્વાર". ભગીરથના તપથી બ્રહ્મા પ્રસન્ન થયા અને વરદાન આપ્યું કે તારા પિતૃઓની ભસ્મ (રાખ)ને ગંગાના પાણીનો સ્પર્શ થાય તો મોક્ષ પામે, વળી શ્વેત રાજાએ પણ તપશ્ચર્યા કરી બ્રહ્માને પ્રસન્ન કર્યા અને એવું વરદાન આપ્યું કે આ સ્થળ (કનખલ-હરદ્વાર)માં "બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ એકી સાથે નિવાસ કરશે. આવા સ્થળને પસંદ કરીને બ્રહ્મલીન પ. પૂ. સદ્‌ગુરૂ મહારાજશ્રીએ "શ્રી માધવાનંદ આશ્રમ" કનખલ-હરદ્વારમાં ગંગાના કિનારે બંધાવીને સેવકોને મોક્ષપદના સહભાગી કર્યા છે. કેમકે "ખલ" (રાક્ષસ) ગંગામાં સ્નાન કરવાથી પવિત્ર અને મુકિત પામ્યો. "કો નઃ ખલ" કયો એવો ખલ (રાક્ષસ) છે કે જેની ગંગામાં સ્નાન કરવાથી મુક્તિ ન થાય અને એટલે જ આ સ્થળનુ નામ "કનખલ" પડયું છે. આવા સ્થળ પર આશ્રમ બંધાવીને આપણા ઉપર ગંગાની ધારા વહેવડાવી છે. આપણે પણ આ આશ્રમમાં નિત્ય ગુરૂભકિત અને ગંગા સ્નાન કરીને પવિત્ર થઈ મુકિત મેળવીએ.

હરદ્વારની યાત્રાએ આવતાં યાત્રાળુઓ માટે યાત્રિ નિવાસની પણ વ્યવસ્થા છે તેમજ તેમના ભોજન માટે "ભોજનાલય" પણ ચાલે છે. તેમજ આ આશ્રમ દ્વારા "સંસ્કૃત પાઠ શાળા" ભવિષ્યમાં ચાલુ કરવાનું આયોજન પ. પૂ. સ્વામીજીએ કરેલ છે.

આશ્રમની સામે જ ઘાટ બનાવવા જમીન પણ તા. ૩/૫/૨૦૦૦ ના રોજ રખાવી અને આ જમીનનો દસ્તાવેજ પણ તા. ૭/૫/૨૦૦૦ સુધીમાં કરાવરાવી પણ આપ્યો. આપણા કમનસીબે પૂ. સ્વામીજી ઘાટ બનાવવા ન રહ્યા. પરંતુ તેઓશ્રીની અંતિમ ઈચ્છાનુસાર આ સ્થળ પર સ્નાનઘાટ બનાવવાનું ચાલુ જ છે. જે પૂર્ણતાના આરે આવેલ છે. જે સ્નાનઘાટનું નામ "સ્વામી શ્રી અખંડાનંદસાગર સ્નાન ઘાટ" રાખવામાં આવેલ છે.

## (૭) શ્રી યોગનંદ આશ્રમ (ઝુસી) અલ્લાહાબાદ

ભારતીય સંસ્કૃતિની અત્યંત પવિત્ર એવી ગંગા-યમુના અને અદ્રશ્ય સરસ્વતિના ત્રિવેણીના પાવન તટ પર આવેલા પ્રયાગરાજમાં સન ૧૮૫૦ માં પૂ. માધવાનંદજી મહારાજશ્રીએ ઝુસી (પ્રયાગરાજ) માં ઝુપડી બનાવીને સાધના કરેલ. આ જગ્યા "માધવાનંદ કી કુટિયાં" થી ઓળખાતી હતી. પ. પૂ. માધવાનંદજી મહારાજશ્રી દ્વારા પ્રસ્થાપિત આશ્રમ એટલે પ.પૂ. પ્રાતઃ સ્મરણીય સ્વામીશ્રી યોગાનંદજીની તપોભૂમિ. તેઓશ્રી આ આશ્રમની દેખભાળ રાખતા અને આશ્રમનો વિકાસ કર્યો. તેથી તેનું નામ "શ્રી

યોગાનંદ આશ્રમ'' પડયું. આ આશ્રમ પ. પૂ. માધવાનંદજી મહારાજના આગ્રહને લઈને શ્રી યોગાનંદજીને સોપેલ. ત્યારબાદ પ. પૂ. સ્વામીજી શ્રી માધવાનંદજીના ઊતરાધિકારી પૂ. શિવાનંદજી મહારાજને સોંપવામાં આવેલ. આ સ્થળ પર ગંગા-યમુના અને અદ્રશ્ય સરસ્વતિનો સંગમ છે. તેવો જ આધ્યાત્મિક શકિતની ત્રણ ધારાનો (પૂ. માધવાનંદજી, પૂ. યોગાનંદજી અને પૂ. શિવાનંદજી) સંગમ એટલે ''શ્રી યોગાનંદ આશ્રમ'' સને ૧૯૬૮ની ૨૦ મી જુને આ આશ્રમ પ. પૂ. સ્વામીશ્રી શિવોહંસાગર મહારાજશ્રીના પ્રથમ હરોળના શિષ્ય બ્ર. શ્રી. ચેતનાનંદજીને સંન્યાસ દિક્ષા આપીને ''સ્વામી ચિદ્ઘનાનંદગિરિજી'' નામ રાખ્યું અને આ આશ્રમના છેલ્લા ઉત્તરાધિકારી પૂ. શિવોહંસાગરજી મહારાજની ઈચ્છાનુસાર બનાવ્યા. આધ્યાત્મિક ઉર્જાથી પ્રજવલિત અને ચેતનવંતુ પવિત્ર સ્થાન એટલે જ ''શ્રી યોગાનંદ આશ્રમ'' આ પવિત્ર સ્થાનમાં પ્રાતઃ સ્મરણીય શ્રી સ્વામી યોગાનંદજી મહારાજશ્રીએ તપોભૂમિ બનાવી હતી. સમયાન્તરે આપણા સદ્ગુરૂવર્ય તપોમૂર્તિ પ્રાતઃ સ્મરણીય શ્રી સ્વામી ચિદાનંદજી મહારાજશ્રીએ યોગ-સાધના માટે આ સ્થળને પસંદ કરીને ત્યાં દિગદિગાન્તરોને આપ્લાવિત કરનાર ચૈતન્યની ઉર્જાને તથા ઋતંભરાની પ્રજ્ઞાને પ્રાપ્ત કરી ત્રિકાળજ્ઞાની બન્યા હતા. આ સ્થળમાં આજે પણ ''ચિદાનંદ ખંડ'' ના રૂપે મૌજુદ છે. સમયાન્તરે પ. પૂ. સ્વામીશ્રી શિવોહંસાગરજી મહારાજશ્રીએ પણ આ તપસ્થલિને પસંદ કરીને વર્ષો સુધી ચાતુર માસ આદિ અનુષ્ઠાન કરીને આ સ્થળને વધુ પવિત્ર બનાવ્યું હતું. તેઓશ્રીની સેવામાં પ. પૂ. બ્રહ્મલીન પ્રાતઃ સ્મરણીય મહામંડલેશ્વર શ્રી સ્વામી અખંડાનંદ સાગર મહારાજશ્રીએ પણ પ. પૂ. સ્વામીશ્રી શિવોહંસાગરજીની છત્રછાંયામાં વૈદિક વિદ્યાભ્યાસ પ્રાપ્ત કર્યો હતો. ત્રણ ત્રણ યોગીઓની (પૂ. ચિદાનંદજી, પૂ. શિવોહંસાગરજી, પૂ. અખંડાનંદ સાગરજી) તપોભૂમિ અને યોગનો આનંદ આપનાર એટલે જ ''શ્રી યોગાનંદ આશ્રમ'' આ આશ્રમમાં શ્રી માધવેશ્વર મહાદેવનું મંદિર આવેલ છે.

સમયાન્તરે આ આશ્રમ હવે આપણને પરત સોંપવા પૂ. ચિદ્ઘનાનંદગિરિજી અવારનવાર પૂ. બ્રહ્મલીન સ્વામીજી મહારાજશ્રીને વિનંતી કરતા છેલ્લે તા. ૨૫/૫/૨૦૦૦ ના સુરતથી નિકળી અલ્લાહાબાદ જવાની અને ''શ્રી યોગાનંદ આશ્રમ'' સંભાળવાની કાર્યવાહી કરવાની હતી. પણ આ કાર્ય જે તે સમયે ઈશ્વરને મંજુર નહી હોય તેમ માની લઈએ કેમકે આ સમય પહેલા આપણા માધવપિઠાધીપતિ સ્વામીજી શ્રી અખંડાનંદસાગરજી મહારાજ તા. ૧૪/૫/૨૦૦૦ (વૈશાખ સુદ ૧૧ ને રવિવાર) ના ૮:૪૫ કલાકે સુઘડ (ગાંધીનગર) ખાતે બ્રહ્મલીન થયાં.

પ. પૂ. સ્વામીજી મહારાજશ્રીની ઈચ્છાનુસાર આ આશ્રમ આપણે આપણા માધવપિઠાધીપતિ પ. પૂ. સ્વામીશ્રી જગદીશાનંદ સાગર મહારાજશ્રીને ઉત્તરાધિકારી બનાવીને સંભાળી રહ્યા છીએ. જાન્યુઆરી ૨૦૦૧માં આવતો પૂર્ણ કુંભમેળો પણ આ આશ્રમમાં રહીને કરવાનું આયોજન કરવામાં આવ્યું છે.



www.OmShreeMadhavanandji.org

# સારાંશ

પ. પૂ. શ્રી ૧૦૦૮ માધવપિઠાધીપતિ મહામંડલેશ્વર સ્વામીજી શ્રી અખંડાનંદસાગર મહારાજશ્રીએ આ ગુરૂ-શિષ્ય પરંપરાને ખુબ જ વિકસાવી. આખા ભારત દેશમાં અને વિદેશમાં વૈદિક સનાતન ધર્મનો ડંકો વગાડયો. આ યુગના આદર્શ સંન્યાસી, બ્રહ્મ સાક્ષાત્કારી, મહાપુરૂષ હતાં. તેઓશ્રી માધવાનંદ પરિવારનાં સુવ્યવસ્થિત સંચાલન તંત્રના સ્થંભરૂપ હતા. આ સાક્ષાત્કારી મહાપૂરૂષે ''બહુજન હિતાય, બહુજન સુખાય'' એવું સર્વે જીવોનાં કલ્યાણાર્થે લોહી વહાવ્યું છે. પૂ. સ્વામીજીએ દેહની પરવા કર્યા વગર સખત અને સતત પુરૂષાર્થ કરીને જ્ઞાનગંગાના જળ રેલાવી ઉજ્જડ બાગોને નવપલ્લવિત કર્યા છે. મડદા સમાન માનવીમાં પ્રાણ પૂરી ચેતનવંત બનાવ્યા છે. ''અલખ નિરંજન જય સચ્ચિદાનંદ'' ની અખંડ ધૂન ગજાવી જીવનનો મર્મ સમજાવી આપણને મુક્તિનો માર્ગ દર્શાવ્યો. પરાર્થે જાત ઘસી પ્રબળ પુરૂષાર્થ વડે ભકતોમાં શ્રધ્ધાની સરવાણી વહેવડાવી - બ્રહ્મમાં બ્રહ્મલીન થયા. પૂજયશ્રીના સર્વે શિષ્યો એવં સર્વે સેવક સમુદાયે રડતા હૃદયે સ્વામીશ્રી અખંડાનંદ સાગરના પાર્થિવ દેહને શ્રી માધવાનંદ આશ્રમ - ચાંણોદની પરમ પવિત્ર ધરતીમાં વિશાળ સેવક સમુદાય - સંતો - મહંતોની ઉપસ્થિતિમાં સમાધિ આપી.


અંતમાં આ યુગ મહાપુરૂષના ગુણગાન આ કલમથી લખી શકાય તેમ નથી. ''મા સરસ્વતી દેવી '' કદાચ માનો કે લખવા બેસે તો પણ શબ્દો ઓછા પડે તેમ છે. આમ અનેક શિષ્ય-સેવક અને ભકતજનો પરનો અપૂર્વ ઉપકાર કરેલો છે. તેનો પ્રત્યુપકાર કોઈ પ્રકારે કરવો અશકય હોવાથી તેઓશ્રીના ચરણોમાં કોટિ કોટિ નમસ્કાર !

તેઓશ્રીના પ્રતિ ઉપકારના બદલામાં છેલ્લા શ્વાસ સુધી આપણે માધવ પરિવારના સેવક સમુદાય, તેઓશ્રીના અધુરા કાર્યો તન, મન અને ધનથી પ. પૂ. માધવપિઠાધીપતિ સ્વામીજી શ્રી જગદીશાનંદ સાગર મહારાજશ્રીની છત્રછાંયામાં રહી તેઓશ્રીની આજ્ઞા અનુસાર પરિપૂર્ણ કરીએ અને આ ગુરૂ-શિષ્ય પરંપરાની વિકાસ યાત્રા ચાલુ રાખીએ.

ગુરૂ ગુણ ગાજો રે મારા સૌને સચ્ચિદાનન્દ
આનન્દમાં રહેજો રે મારા સૌને સચ્ચિદાનન્દ



www.OmShreeMadhavanandji.org



શ્રી માધવપિઠાધીપતિ પ. પૂ. શ્રી ૧૦૦૮, અનંત શ્રી વિભૂષિત સ્વામીશ્રી જગદીશાનંદ સાગર મહારાજ - વેદાંતાચાર્ય

## પ. પૂ. સ્વામીશ્રી જગદીશાનંદ સાગર મહારાજ

પરમ પૂજય અનંતશ્રી વિભૂષિત શ્રોતિય બ્રહ્મનિષ્ઠ પરમહંસ પરિવ્રાજકાચાર્ય શ્રી ૧૦૦૮ પ્રગટ બ્રહ્મસ્વરૂપ સ્વામીજી શ્રી જગદીશાનંદ સાગર મહારાજ શ્રી નો જન્મ સને ૧૯૫૪ની ૧ જુનના (૧-૬-૧૯૫૪) ના રોજ આકરૂ ગામમાં થયો હતો. તેઓશ્રીનું પૂર્વાશ્રમનું નામ જોરૂભાઈ  હતું. પૂજય માતુશ્રી અદીબાની પવિત્ર કુક્ષિમાંથી જન્મ થયો છે. તેઓશ્રીના પિતાશ્રીનું નામ ઉમેદસંગભાઈ છે. પૂર્વાશ્રમની જ્ઞાતિ ‘‘ક્ષત્રિય’’ છે. પ.પૂ. માધવાનંદજી મહારાજશ્રીની સમાધિ આજ ગામમાં હોવાથી અને તેઓશ્રીના પૂર્વજો પ્રથમથી જ પ.પૂ.



www.OmShreeMadhavanandji.org

માધવાનંદજી મહારાજશ્રીના ગુરૂભકતો-સેવકો છે. ઘરમાં આવા ધાર્મિક વાતાવરણ વચ્ચે ઉછરેલા આપણા સ્વામીજીશ્રીમાં નાનપણથી જ વૈદિક સનાતન ધર્મના સુસંસ્કારોનું સિંચન થયેલ . પ.પૂ. સ્વામીજીશ્રી શિવોહંસાગર મહારાજશ્રીની કથા-કીર્તન -ભજનનો અને સેવાનો અનન્ય લાભ પણ લીધેલ. પ.પૂ. ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીજીશ્રી અખંડાનંદ સાગર મહારાજશ્રીની છત્રછાંયા નીચે દિલ્હી તથા કાશી (વારાણસી) સ્થિત શ્રી દક્ષિણામૂર્તિ સંસ્કૃત મહાવિદ્યાલય વારાણસી (કાશી) - મિશ્ર પોખરામાંથી ''વેદાન્તાચાર્ય'' ની પદવી પ્રાપ્ત કરેલ છે. સવંત ૧૯૮૮ની ફેબ્રુઆરી ૧૯ (ફાગણ સુદી બીજ) ના રોજ ચાંણોદ ખાતે પ. પૂ. સ્વામીજીશ્રી અખંડાનંદ સાગર મહારાજશ્રીના કરકમળોથી દીક્ષિત થયેલા અને ત્યારથી જ પૂ. સ્વામીજીની અનન્ય સેવા આજ્ઞામાં રત રહી શિષ્ય તરીકેનું પદ પણ શોભાવ્યું. પ્રથમથી જ પૂ. સ્વામીજીનું જીવન એકદમ સરળ અને સાદુ. આપણી પરંપરાને સુશોભિત. વસ્ત્રો જાતે ધોવે અને જાતે જ ભગવો કલર કરે. ''સાદાઈ તો જુવો'' આજે પણ પિઠાધીપતિ હોવા છતાં પોતાનું તમામ કામ પોતે કરે છે. બેં વર્ષ પહેલા જ પ. પૂ. બ્રહ્મલીન સ્વામીજીશ્રીના આગ્રહને માન આપી તૈયાર ભગવા વસ્ત્રો ધારણ કર્યા. તેઓશ્રીએ બ્રહ્મલીન સ્વામીજીશ્રીની આજ્ઞાનું શબ્દશઃ પાલન કરેલ છે. કદાપિ પણ ઉલ્લંઘન કરેલ નથી. અને તેથી જ બ્રહ્મલીન સ્વામીજીશ્રીએ તેઓશ્રીને સેવકોના જુદા-જુદા ગામડામાં શહેરોમાં કથા-પ્રવચન દ્વારા વૈદિક સનાતન ધર્મનો પ્રચાર કરવા અને મુમુક્ષુઓના હિતાર્થે મોકલતા. એટલું જ નહીં. ''ચાતુરમાસ'' અને ''ભાગવત'' કથા કરવા પણ મોકલતા. ઘણી વખત તો પૂ. સ્વામીજીશ્રી તેઓશ્રીની કથામાં ઉપસ્થિત રહેતાં. અને ભાગવત કથા શ્રવણ કરતાં. આવો અનન્ય ભાવ અને પ્રેમ બ્રહ્મલીન સ્વામીજીશ્રીનો તેઓશ્રી ઉપર હતો. આવો જ ભાવ સેવક સમુદાયનો પણ હતો. સાથો સાથ તેઓશ્રીએ પણ સમસ્ત સેવક ગણનો પ્રેમ સંપાદન કરેલ. આના કારણે જ છેલ્લા ૪૫ દિવસ જેવા સમય સુધી પૂ. બ્રહ્મલીન સ્વામીજીશ્રીએ ધર્મ પ્રસાર-પ્રચારમાં સાથે રાખીને વિચરણ કરેલ. આ અગાઉ મોટે ભાગે સાથે રાખી વિચરણ કરતાં ન હતાં. પૂ. સ્વામીજીશ્રીની ઉપસ્થિતિમાં જ બ્રહ્મલીન સ્વામીજીશ્રીએ પાર્થિવ દેહનો ત્યાગ કરી વિદેહ કૈવલ્યબ્રહ્મને પ્રાપ્ત થયા. આ રીતે પ્રથમથી ઉત્તરાધિકારીનો સંકેત આપેલો.

પૂ. સ્વામીજી વૈદિક જ્ઞાનના પ્રકાંડ વિદ્વાન અને ત્રિકાળજ્ઞાની છે. વર્તમાન યુગના એક મહાન બ્રહ્મર્ષિ છે. આવા મહાપુરૂષ સંતને સમસ્ત સેવક સમુદાયે પૂ. બ્રહ્મલીન સ્વામીજીશ્રીના અંતરિક્ષથી આશિર્વાદ મેળવી આપણી આ ગુરૂ-શિષ્ય પરંપરાના ''માધવપિઠાધીપતિ'' પદને સસ્નેહે અર્પણ કરેલ છે.

આપણે સૌ બ્રહ્મલીન સ્વામીજીશ્રીની અધુરી વિકાસ યાત્રા અને વૈદિક સનાતન ધર્મનું પ્રસાર-પ્રચાર અભિયાન પૂ. સ્વામીજીશ્રીની છત્રછાયા અને આજ્ઞામાં રહી તન-મન - ધનથી ઉપાડી લઈએ.

અંતમાં શ્રી સદ્ગુરૂદેવ સર્વનું કલ્યાણ કરે એમ ઈચ્છી તેમજ તેઓશ્રીની પુનઃ વંદના કરી સમાપ્ત કરૂ છું.

સૌને જયશ્રી સચ્ચિદાનન્દ.

આપનો - સદ્ગુરૂચરણોપાસક સેવક
કાળુભાઈ એ. કોશિયા
(સંકલનકર્તા અને લેખક)
જુનાગઢ (ભાંભણવાળા)



www.OmShreeMadhavanandji.org

# શ્રી સચ્ચિદાનંદજીની શિક્ષાપત્રી

(૧). એવી સ્વામીજી શ્રી સાત માધવાનંદજીની આજ્ઞા છે કે । સર્વે સ્વામીયોને તથા માતાજી આદ્યે લઈને સર્વે શીલવાલી બાયુંને સર્વેને તથા સર્વે સેવકોને । આરતી કીર્તન તથા શાસ્ત્ર તે સર્વેમાં । સચ્ચિદાનંદ બ્રહ્મ પરમાત્મા નિરંજન । એને આદ્યે લઈને વ્યાપક અનંતને નામે કરીને પરમેશ્વરને ગાવા । ગવરાવવા । ભજવા । ભજાવવા ।

(૨). અને સચ્ચિદાનંદના સેવકને સવારમાં ન્હાઈને આડું ટીલુ કરીને, આસન નાખીને રૂદ્રાક્ષની માલા સચ્ચિદાનંદના નામની પાંચ ફેરવવી । પછે બ્રહ્માપર્ણ કરીને જમવું । સવારે તથા સાંજે સ્વામિયોને તથા સેવકોને શીલવાલી બાયુંને સર્વેને રૂદ્રાક્ષની માલા ધારણ કરવી ।

(૩). તથા ગૃહસ્થને દસૂંધ વેપારની વાવરવી અને ખેડુને વિસૂંધ વાવરવી । અને સર્વેને આરતી દંડવત 'ગુરૂપંચક' 'ગુરૂઅષ્ટક' । બે 'ધોળ' । એ સર્વે કરીને વાલું કરવુ ।

(૪). અને ખેડુને વાઢ ન કરવો । અને ઈંટવા ન કરવો । ચુનાની ભાઠિ ન કરવી । અને સુડ ન બાલવું અને જારૂય બાજરાનો પોંક ન ખાવો । ઉંધિયું ન ખાવુ । દુધ પાણી ગલિને વાવરવું । અને અન્ન સોજ્ઞું કરીને રસોઈ કરવી । દીવા ઉપર ઢાંકણી ઢાંકવી ।

(૫). અને દારૂ, માટી, ચોરી છિનાલિ-એ ચાર વ્રતમાં પણ ન પાલવા । અને ગાંજો ભાંગ અફીણ તમાકુંને આદ્યે લઈને વ્યસન માત્ર ન કરવું.

(૬). અને સેવક માત્રને ગણકા ભવાયા ઓછવીયાને આદ્યે લેઈને જોવું નહિ । ખેતરમાં ગલી ન કરવી । કેશુવિના ફૂલની કલી ન કરવી.

(૭). તથા સેવક માત્રને લાંચ લેવી નહી । અને સ્વામિયોને તથા સેવકોને । સ્વામીજીશ્રીની આજ્ઞા પાલતા હોય તેમનો સંગ કરવો । અને વિમુખ સ્વામી તથા વિમુખ સેવકનો સંગ ન કરવો । તે બાઈ ભાઈનો સંગ ન કરવો.

(૮). ધણ તેરશ, કાલિ ચૌદશ, દીવાલી, ઝાર-પટોલાં । એ ચાર દિવસ દીપમાલ ન કરવો । અથવા આડે દિવસે દીપમાલ ન કરવો ।

(૯). અને પોતાનો ભાઈ હોયે તેને બાપની મિલ્કતમાંથી શિરસ્તા પ્રમાણે ભાગ આપવો. નહી આપે તે અમારા ધર્મથી વિમુખ છે.

(૧૦). શ્રી સચ્ચિદાનંદ સેવકને દશોંધ તથા વિશોંધ વાવરવાની વિગત્ય । પ્રથમ ગરૂસેવામાં ધર્મશાલા કરાવવી । ગુરૂ તથા શિષ્યને વસ્ત્ર કરવાં । તથા પુસ્તક લખાવી દેવા, અને માંદા તથા સાજા સ્વામી હોય તેની સેવા કરવી । તથા તેમની મરજી હોય ત્યાં ગાડી ભડે કરીને પહોંચાડવા । અથવા તેડી લાવવા । તેમાં દસોંધ વિસોંધ વાવરવી । ઓસડ કરાવવું તેમા વાવરવી ।

(૧૧) ગુરૂ, શિષ્યને દ્રવ્યધાતુ ન આપવી । ગુરૂને અર્થે વાવરતાં વધે તે બીજા પરમહંસ સંન્યાસીને ત્થા બ્રહ્મચારીને અન્નવસ્ત્ર આપવાં । અતીત બ્રાહ્મણ વૈરાગીને અન્નવસ્ત્ર તથા આંગણે અભ્યાગત આવે તેને અન્ન આપવું ।

(૧૨) ગાયને ખડ નંખાવવુ । બકરા હરણ આદ્યે જીવ છોડાવવાં । પારેવાને તથા જીવાત્યખાનામાં ખાણા નાખવા । કુંવા વાવ્ય તલાવ મારગ સદાવ્રતમાં વાવરવી । તથા ખોડા ઢોર પાળવાં.

(૧૩) શ્રી સચ્ચિદાનંદનો સેવકને ખોટી શાખ કદી ન પુરવી અને કોઈની થાપણ ન ઓળખવી । અને મારગે કોઈની જણશ પડી હોય તે ન લેવી.

(૧૪). શ્રી સચ્ચિદાનંદના સેવકને અમાસ તથા રખપાંચમ (ઋષિપંચમી) પાલવી । અને બલધને કાંધે ધોહરૂં ન મુકવું । તે દિવસ બલધને ધરવવાં ।
(૧૫) શ્રી સચ્ચિદાનંદના સેવકને ભાવમાં લેવુ પણ તોલમાં ઓછું નવ્ય આપવું । તથા વ્યાજ વાજબી દોકડા લેખે લેવું । તથા ખેડુને દરબારની ચોરી નવ્ય કરવી ।
(૧૬) તથા કશબીને લાકડાં રંગમાં દગો ન કરવો । તથા સરકારના દાણની ચોરી ન કરવી ।
(૧૭) શ્રી સચ્ચિદાનંદના સેવકને જાનમાં કોઈ બાઈ ઉપર ગલાલ નાખવો નહીં । તથા વિવાહમાં ગાડાં, ધોડવવા નહીં ।
(૧૮) સેવકોને તથા ભણેલી બાયોને 'શિક્ષાપત્રી' પાઠ કરવો । બાપનો દીકરો હોય તેને માતતાતની સેવા કરવી । આજ્ઞા પાલવી ।
(૧૯) પોતાનો સ્વામી જેવો ધરમ પાલે તેવો ધર્મ પાલવો । નહી પાલે તે અમારા ધરમ થકી વિમુખ છે. ।
(૨૦) 'ગુરૂગીતા' આદ્યે સંસ્કૃત સટિક । અને 'અખેગીતા' આદ્ય ભાષાના ગ્રંથ । તથા 'આરતી' આદ્યે । 'પદ' 'ધોલ' શોધેલાં ગાવાં । સાંભલવાં । ગવરાવવાં । અન્ય ગાવાં નહીં.
(૨૧) શ્રી સચ્ચિદાનંદના સેવકને ચૈતર શુદ પુનમનો થાલ કરવો । પોશશુદ પુનમનો થાલ કરવો । બ્રહ્માર્પણ ભણીને જમવું ।
(૨૨) તથા મૃદંગ કાંશીજોડો નરધાં સારંગી શરોદો-તાર એકતારો તંબુરો મોરલી તથા શરણાઈ મોરચંગ આદ્ય કાંઈ વાજા વગાડવું નહી । શ્રી સ્વામીજીના સેવકોને દોરી લોટો ગરણી રાખવી ।
(૨૩) તથા શ્રી સચ્ચિદાનંદના સેવકોને દોરો ધાગો કરાવવો નહી । તથા કરવો નહી । તથા મૂઠ ચોટ મારણ મોહન તથા વશીકરણ સ્તંભન ઉચ્ચારનાદિકના મંત્ર શીખવા નહી તથા શીખવવા નહી ।
(૨૪) તથા સચ્ચિદાનંદના સેવકોને ભાડે ગાડુ જોડે તે મધ્યે માલ ભર્યો હોય તે મધ્યે ચોરી કરવી નહી ।
(૨૫) શ્રી સચ્ચિદાનંદના ભકતને । સોગટે તથા ગંજીપે તથા શેતરંજ તથા નવ-કુંકરી સોલકુંકરી તથા જાુગટું છ-કુંકરી રમવું નહી ।
(૨૬) શ્રી સચ્ચિદાનંદના સેવકને દીકરો પરણે તારે સવા રૂપૈયાનો થાલ કરવો । શ્રી સચ્ચિદાનંદના સેવકોને બાધા આખડી રાખવી નહી । માનતા કરવી તે મધ્યે સચ્ચિદાનંદનો થાલ માનવો । તે કામ થયા પછે થાલ કરવો ।
(૨૭) શ્રી સ્વામીજીને તેડવા જાવું । તે મધ્યે ભાડે ગાડી તથા માફો રથ સુખપાલ આદ્યે વાહન લેઈને જાવું । તે મધ્યે દંસૂદ્ય વિશૂંદ્ય વાવરવી.
(૨૮) સોની તથા સઈને મેનત્ય લેવી, પણ ચોરી લેવું નહીં । એહવી સ્વામીજીની આજ્ઞા છે । શ્રી સચ્ચિદાનંદના ભકતને । સચ્ચિદાનંદ માધવાનંદનું નામ લેવું ।
(૨૯) શ્રી સચ્ચિદાનંદના સેવકને જાુઠુ બનાવટ ખત કરવું નહી । તથા ગોચરો ભાંગવા નહી । તથા ભંગાવવા નહી । તથા તલાવની આવ્ય તથા સઈણ ખેડવું નહી । ખેડાવવું નહી । દબાવવું નહી ।
(૩૦) શ્રી સચ્ચિદાનંદના સેવકોને મેલે ખેલે ન જાવું । તથા તીર્થયાત્રા ન જાવું । પોતાનાં સદ્ગુરૂને દરશનને જાવું । એ મોક્ષના દાતા છે.

। ઈતિ "શિક્ષાપત્રી" સંપૂર્ણ ।



www.OmShreeMadhavanandji.org

# જય સચ્ચિદાનંદ

ॐश्री સદ્‌ગુરૂ પરમાત્મને નમઃ

## શ્રી માધવાનંદ આશ્રમ (અખંડાનંદ ધામ)

દયારામપુરી, પોસ્ટ-ચાણોદ, તાલુકો-ડભોઈ, જીલ્લો-વડોદરા.
ફોન- (૦૨૬૬૩) ૩૩૩૬૨

## શ્રી માધવ ગુરૂકુળ

એસ.ડી.દેસાઈ હાઈસ્કુલ સામે, બાકરોળ, વલ્લભવિદ્યાનગર, જીલ્લો-આણંદ.
ફોન-(૦૨૬૯૨) ૩૧૧૯૭, ૩૭૭૬૪

## શ્રી આંતરરાષ્ટ્રીય માધવાનંદ આશ્રમ

ગાંધીનગર-અમદાવાદ, એરપોર્ટ રોડ, નર્મદા કેનાલની બાજુમાં, મું.-સુઘડ,
કોબા સર્કલ પાસે, જીલ્લો-ગાંધીનગર.
ફોન- (૦૨૭૧૨) ૭૬૧૫૧

## શ્રી માધવાનંદ આશ્રમ

દક્ષેશ્વર માર્ગ, જગજીતપૂર, કનખલ, હરિદ્વાર, ઉત્તરાખંડ.
ફોન-(૦૧૩૩) ૪૧૬૬૭૫

## શ્રી યોગાનંદ આશ્રમ

મુ.-ઝુસી (અલ્લાહાબાદ), આઈઝેટ (IZET Bridge) પુલ-૯૬ની પાસે,
વારાણસી રેલ્વે લાઈન.
ફોન- (૦૫૩૨) ૬૬૮૯૪૯

## શ્રી માધવાનંદ આશ્રમ (માધવધામ)

મું-આકરૂ, તાલુકો-ધંધુકા, જીલ્લો-અમદાવાદ.
ફોન- પી.પી. (૦૨૭૧૩) ૩૨૬૩૮

## શ્રી માધવાનંદ આશ્રમ

મુ.-ઓજરાળા (શિવોહંસાગરપુરી) તા-ઠાસરા, જીલ્લો-ખેડા.

## શ્રી માધવાનંદ આશ્રમ


ન્યુ એરોડ્રામ રોડ (વેદ રહસ્ય કાર્યાલય) પટેલ પાર્ક સામે, ભાવનગર.
ફોન- પી.પી. (૦૨૭૮) ૪૨૮૬૧૪

## શ્રી માધવાનંદ આશ્રમ

ઉદયનગર સોસાયટી વિ-૧, કતારગામ રોડ-સુરત-૪.
ફોન- (૦૨૬૧) ૪૮૪૬૧૦.

www.OmShreeMadhavanandji.org

॥ જયશ્રી સચ્ચિદાનંદ ॥




પ.પૂ. શ્રી ૧૦૦૮ પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહામંડલેશ્વર

**સ્વામી શ્રી અખંડાનંદ સાગર મહારાજશ્રી** - વેદાંતાચાર્ય



પ. પૂ. બ્રહ્મલીન મહામંડલેશ્વર
સ્વામીશ્રી અખંડાનંદ સાગર
મહારાજશ્રીની સમાધિ સ્થળ



પ. પૂ. બ્રહ્મલીન મહામંડલેશ્વર
સ્વામીશ્રી અખંડાનંદ સાગર મહારાજશ્રીની
બનનાર સમાધિનું મોડેલ

મુદ્રક : આકાર ઓફસેટ, સુરત ફોન: ૫૫૦૦૪૦

www.OmShreeMadhavanandji.org




ॐ

For more information about

**Shree Madhavanand Ashram**

please visit our website

**www.OmShreeMadhavanandji.org**